# ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડની સબસીડીયરી કંપની

GUVNL

UGVCL

## પાંચમો વાર્ષિક અહેવાલ
## ૨૦૦૭-૦૮



આઈએસઓ ૯૦૦૧ : ૨૦૦૦
પ્રમાણિત કંપની



વર્ષ ૨૦૦૫-૦૬ દરમિયાન
વીજ વિતરણમાં શ્રેષ્ઠ કામગીરી બદલ
રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા









ઊર્જા દ્વારા..... વિકાસ




## યુજીવીસીએલ ઉડતી નજરે
## ( ફેબ્રુઆરી ૨૦૦૯ )

| | |
|---|---|
| કુલ વિસ્તાર (ચો.કીમી.) | ૪૯,૯૫૦ |
| આવરી લેવાયેલ જીલ્લાઓ | ૬+૩ (આંશિક) |
| શહેરોની સંખ્યા | ૪૩ |
| ગામડાંઓની સંખ્યા | ૪,૬૨૮ |
| વસ્તી (૨૦૦૧ સેન્સસ્) | ૯૨,૬૩,૯૧૧ |
| કુલ વર્તુળ કચેરીઓ | ૪ |
| કુલ વિભાગીય કચેરીઓ | ૨૦ |
| કુલ પેટા વિભાગીય કચેરીઓ | ૧૧૮+૯ (REC) |
| કુલ સબ-સ્ટેશન્સ | ૨૯૦ |
| કુલ ટ્રાન્સફોર્મર કેન્દ્રો | ૧,૧૩,૭૨૧ |
| કુલ ફીડરોની સંખ્યા | ૩,૦૮૯ |
| કુલ HT લાઈન (કીમી) | ૬૯,૧૦૭ |
| કુલ LT લાઈન (કીમી) | ૫૯,૨૦૬ |
| LT / HT ગુણોત્તર | ૦.૮૫ |
| કુલ કર્મચારીઓની સંખ્યા | ૭,૩૧૮ |

## યુજીવીસીએલની સિધ્ધીઓ

- વીજ વિતરણમાં શ્રેષ્ઠ કામગીરી બદલ ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૫-૦૬ માટેનો રાષ્ટ્રીય એવોર્ડ મેળવનાર કંપની
- સાબરમતી વર્તુળ કચેરી ખાતે આવેલ હાઈટેક મીટર ટેસ્ટીંગ લેબોરેટરીને નેશનલ એક્રેડીટેશન બોર્ડ ફોર ટેસ્ટીંગ અને કેલીબ્રેશન લેબોરેટરીઝ દ્વારા ISO/IEC ૧૭૦૨૫-૨૦૦૫ સ્ટાન્ડર્ડ એનાયત
- કંપની "વીજ વિતરણ કામગીરીમાં વહીવટ અને શ્રેષ્ઠત્તમ કામગીરી " માટે ISO ૯૦૦૧:૨૦૦૦ સ્ટાન્ડર્ડ દ્વારા પ્રમાણિત
- સ્પેશીયલ ડીઝાઈન ટ્રાન્સફોર્મર માટેની પાયોનીયર કંપની
- IEEMA પાવર એવોર્ડ - ૨૦૦૮ દ્વારા "ગ્રામીણ વિદ્યુતિકરણ માં શ્રેષ્ઠત્તમ કામગીરી " માં પ્રથમ ઈનામ મેળવનાર કંપની

# પાંચમો

# વાર્ષિક અહેવાલ

# વર્ષ ૨૦૦૭-૦૮

અનુક્રમણિકા


| | પાના નંબર |
|---|---|
| બોર્ડ ઓફ ડિરેક્ટર્સ | ૨....૨ |
| નોટીસ અને તેનું પરિશિષ્ટ | ૩....૬ |
| ડિરેક્ટરોનો અહેવાલ | ૭....૧૫ |
| ઓડિટરોનો અહેવાલ | ૧૬....૧૯ |
| સીએન્ડએજીની ટીપ્પણીઓ અને સંચાલક મંડળનો જવાબ | ૨૦....૨૩ |
| સરવૈયું | ૨૪....૨૪ |
| નફા અને નુકશાન ખાતુ | ૨૫....૨૫ |
| રોકડ પ્રવાહ પત્રક | ૨૬....૨૬ |
| સરવૈયાના પરિશિષ્ટો | ૨૭....૩૩ |
| નફા અને નુકશાન ખાતાના પરિશિષ્ટો | ૩૩....૩૭ |
| હિસાબી નીતિઓ અને હિસાબો પરની નોંધો | ૩૮....૫૦ |
| સરવૈયાનો સારાંશ | ૫૧....૫૧ |



## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

### રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસઃ

### વિસનગર રોડ

### મહેસાણા - ૩૮૪ ૦૦૧

### (ઉત્તર ગુજરાત)

## બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

| | |
|---|---|
| શ્રી ગુરુપ્રસાદ મહાપાત્ર, આઈએએસ | ચેરમેન |
| શ્રી એલ. ચુઆંગો, આઈએએસ | ડિરેક્ટર |
| ડૉ. એમ. કે. ઐયર | ડિરેક્ટર |
| શ્રી એચ. પી. દેસાઈ | ડિરેક્ટર |
| પ્રોફેસર અજય પાંડે | ડિરેક્ટર |
| પ્રોફેસર (ડૉ.) બી. એ. પ્રજાપતિ | ડિરેક્ટર |
| શ્રી કે. એમ. શ્રીંગારપુરે | ડિરેક્ટર (તા. ૨૦/૧૨/૨૦૦૮ થી) |
| શ્રી કે. પી. પટેલ | ડિરેક્ટર |
| શ્રી એ. કે. વર્મા, આઈએફએસ | મેનેજીંગ ડિરેક્ટર (તા. ૧૩/૦૫/૨૦૦૮ થી) |

## કંપની સચિવ

શ્રી નિતિનકુમાર એમ. જોષી, એફ.સી.એસ.

## સીનીયર એક્ઝીક્યુટીવ

| | |
|---|---|
| શ્રી પી. આર. ચૌધરી | એક્ઝીક્યુટીવ ડિરેક્ટર (ટેકનીકલ) (તા. ૦૭/૦૩/૨૦૦૯ સુધી) |
| શ્રી એમ. જી. પટેલ | મુખ્ય ઈજનેર (સંચાલન) |
| શ્રી પી. જે. પટેલ | મુખ્ય ઈજનેર (યોજના અને ખરીદી) |
| શ્રી આર. બી. કોઠારી | જનરલ મેનેજર (ફાયનાન્સ) |

## ઓડિટર્સ

મેસર્સ પી. સીંઘવી એન્ડ એસોસીએટ્સ
ચાર્ટડ એકાઉન્ટન્ટ્સ
ગાંધીનગર

## બેન્કર્સ

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા
બેંક ઓફ બરોડા
દેના બેંક
યુનિયન બેંક ઓફ ઈન્ડિયા

## રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ

વિસનગર રોડ
મહેસાણા – ૩૮૪૦૦૧
ફોન : (૦૨૭૬૨) ૨૨૨૦૮૦-૮૧, ફેક્સ : ૨૨૨૫૭૪
ઈ-મેલ : corporate@ugvcl.com
વેબસાઈટ : www.ugvcl.com

## નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના સભ્યોની પાંચમી (મુલતવી રહેલ) વાર્ષિક સામાન્ય સભા તારીખ ૪થી એપ્રિલ, ૨૦૦૯ ના રોજ શનિવારે વિસનગર રોડ, મહેસાણા – ૩૮૪૦૦૧ (ઉત્તર ગુજરાત) ખાતે આવેલી કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ ખાતે સવારના ૧૦-૪૫ કલાકે નીચેના કામકાજ કરવાના હેતુસર મળશે :

(૧) તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૮ ના રોજનું ઓડિટ થયેલ સરવૈયુ અને તે જ તારીખે પુરા થતા વર્ષ માટેનું નફા–નુકશાન ખાતુ તેની સાથે જોડેલી અનુસૂચિઓ અને નોંધો, અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તેમજ ઓડિટરના તેને લગતા અહેવાલો, અને કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયાની ટિપ્પણીઓ મેળવવા, વિચારણામાં લેવા અને સ્વીકારવા;

બોર્ડના હુકમથી

તારીખ : ૩૧/૦૩/૨૦૦૯
સ્થળ : વડોદરા

નિતિનકુમાર એમ. જોષી, એફ.સી.એસ
કંપની સચિવ

**નોંધ :**

બેઠકમાં હાજર રહેવા અને મત આપવા હક્કદાર સભ્ય પોતાના બદલે બેઠકમાં હાજર રહીને મતદાન માટે પોતાનો પ્રોક્સી નિમવા હક્કદાર છે. આવી પ્રોક્સી કંપનીનો સભ્ય હોવો જરૂરી નથી. પ્રોક્સીઓ, અસરકારક કામગીરી કરી શકે તે હેતુથી, બેઠક યોજાવાના સમય પહેલાં ૪૮ કલાકથી મોડું ન હોય તે રીતે કંપનીની રજીસ્ટર્ડ ઓફિસને મળી જવી જોઈએ.

# નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના સભ્યોની પાંચમી વાર્ષિક સામાન્ય સભા તારીખ ૨૯મી ડિસેમ્બર, ૨૦૦૮ ના રોજ શુક્રવારે વિસનગર રોડ, મહેસાણા – ૩૮૪૦૦૧ (ઉત્તર ગુજરાત) ખાતે આવેલી કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ ખાતે બપોરના ૧૨-૦૦ કલાકે નીચેના કામકાજ કરવાના હેતુસર મળશે :

**સામાન્ય કામકાજ :**

(૧) તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૮ ના રોજનું ઓડિટ થયેલ સરવૈયુ અને તે જ તારીખે પુરા થતા વર્ષ માટેનું નફા—નુકશાન ખાતુ તેની સાથે જોડેલી અનુસુચિઓ અને નોંધો, અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તેમજ ઓડિટરના તેને લગતા અહેવાલો, અને કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયાની ટિપ્પણીઓ મેળવવા, વિચારણામાં લેવા અને સ્વીકારવા;

(૨) ક્રમાનુસાર નિવૃત્ત થતા શ્રી એચ. પી. દેસાઈની જગ્યાએ ડિરેક્ટરની નિમણૂંક કરવી જે માટે તેઓ ફેર નિમણૂંકને પાત્ર છે;

(૩) ક્રમાનુસાર નિવૃત્ત થતા શ્રી ગુરુપ્રસાદ મહાપાત્ર, આઈએએસની જગ્યાએ ડિરેક્ટરની નિમણૂંક કરવી જે માટે તેઓ ફેર નિમણૂંકને પાત્ર છે;

(૪) નાણાકીય વર્ષ ૨૦૦૮—૦૯ માટેને કંપનીના હિસાબોના ઓડિટ માટે કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા (સીએજી) દ્વારા નિયુક્ત થયેલા વૈધાનિક ઓડિટરને ચુકવવા પાત્ર મહેનતાણું નક્કી કરવું.

**ખાસ કામકાજ :**

(૫) નીચેના ઠરાવની વિચારણા કરવી અને જો ઉચિત જણાય તો તેને સુધારા સાથે કે સુધારા વગર સામાન્ય ઠરાવ તરીકે પસાર કરવો :

"આથી ઠરાવ કરવામાં આવે છે કે શ્રી એ. કે. વર્મા, આઈએફએસ કે જેમની નિમણૂંક કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૬૦ હેઠળ તારીખ ૧૩/૦૫/૨૦૦૮ના રોજ કંપનીના એડિશનલ ડિરેક્ટર તરીકે થઈ હતી અને તે આ વાર્ષિક સામાન્ય સભાની તારીખ સુધી તે તરીકે હોદ્દો ધરાવે છે, અને જેઓ ફેર નિમણૂંક માટે પાત્ર છે, તેમને કંપનીના મેનેજીંગ ડિરેક્ટર તરીકે, જ્યાં સુધી તેઓ મેનેજીંગ ડિરેક્ટર તરીકે રહે ત્યાં સુધી આથી ક્રમાનુસાર નિવૃત્તિને આધિન નહી રહીને, નિમવામાં આવે છે."

(૬) નીચેના ઠરાવની વિચારણા કરવી અને જો ઉચિત જણાય તો તેને સુધારા સાથે કે સુધારા વગર સામાન્ય ઠરાવ તરીકે પસાર કરવો :

"આથી ઠરાવ કરવામાં આવે છે શ્રી કે. એમ. શ્રીંગારપુરે કે જેમની નિમણૂંક કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૬૦ હેઠળ તારીખ ૨૦/૧૨/૨૦૦૮ના રોજ કંપનીના એડિશનલ ડિરેક્ટર તરીકે થઈ હતી અને તે આ વાર્ષિક સામાન્ય સભાની તારીખ સુધી તે તરીકે હોદ્દો ધરાવે છે, અને જેઓ ફેર નિમણૂંક માટે પાત્ર છે, તેમને આથી ક્રમાનુસાર નિવૃત્તિને આધિન રહીને, કંપનીના ડિરેક્ટર તરીકે નિમવામાં આવે છે."

બોર્ડના હુકમથી

તારીખ : ૨૦/૧૨/૨૦૦૮
સ્થળ : અમદાવાદ

નિતિનકુમાર એમ. જોષી, એફ.સી.એસ
કંપની સચિવ

**નોંધ :**

(૧) બેઠકમાં હાજર રહેવા અને મત આપવા હક્કદાર સભ્ય પોતાના બદલે બેઠકમાં હાજર રહીને મતદાન માટે પોતાનો પ્રોક્સી નિમવા હક્કદાર છે. આવી પ્રોક્સી કંપનીનો સભ્ય હોવો જરૂરી નથી. પ્રોક્સીઓ, અસરકારક કામગીરી કરી શકે તે હેતુથી, બેઠક યોજાવાના સમય પહેલાં ૪૮ કલાકથી મોડું ન હોય તે રીતે કંપનીની રજીસ્ટર્ડ ઓફિસને મળી જવી જોઈએ.

(૨) કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૧૭૩(૨)ની જોગવાઈઓ અનુસાર સ્પષ્ટીકરણાત્મક નિવેદન આ સાથે "નોટિસના પરિશિષ્ટ" તરીકે જોડેલું છે.

(૩) કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા (સીએજી)ની કચેરી દ્વારા નિમવામાં આવેલા હાલના વૈધાનિક ઓડિટરો મેસર્સ પી. સીંઘવી એન્ડ એસોસીએટ્સ, ચાર્ટર્ડ એકાઉન્ટ્સ, ગાંધીનગર, પાંચમી વાર્ષિક સામાન્ય સભા પૂર્ણ થયે નિવૃત્ત થશે. સીએજીએ ૩૧મી માર્ચ, ૨૦૦૯ના રોજ પૂરા થતાં નાણાકીય વર્ષ માટે કંપનીના હિસાબોનું ઓડિટ કરવા માટે તેઓની વૈધાનિક ઓડિટર તરીકે નિમણૂંક કરેલ છે.

## નોટિસનું પરિશિષ્ટ

**કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૧૭૩(૨) અનુસાર સ્પષ્ટીકરણાત્મક નિવેદન :**

**બાબત નં. ૫નાં સંદર્ભમાં :**

કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૬૦ની જોગવાઈઓ અનુસાર બોર્ડ ઓફ ડિરેક્ટર્સે તારીખ ૧૩મી મે, ૨૦૦૮ના રોજ કંપનીના આર્ટીકલ્સ ઓફ એસોસીયેશનની કલમ ૫૭ અનુસાર ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડનું પ્રતિનિધિત્વ કરતાં એડિશનલ ડિરેક્ટર તરીકે કંપનીના બોર્ડ ઉપર શ્રી એ. કે. વર્મા, આઈએફએસની ઉપરોક્ત તારીખથી આ વાર્ષિક સામાન્ય સભાની તારીખ સુધી નિમણૂંક કરેલ છે તેમજ તે જ તારીખથી તેઓની કંપનીના મેનેજીંગ ડિરેક્ટર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. તેઓની ડિરેક્ટર તરીકે નિમણૂંક થતા તેઓ કંપનીના મેનેજીંગ ડિરેક્ટર તરીકે ચાલુ રહેશે.

શ્રી એ. કે. વર્મા સમૃદ્ધ અને વિવિધ ક્ષેત્રોનો બહોળો વહીવટી અનુભવ ધરાવે છે. કંપનીમાં મેનેજીંગ ડિરેક્ટર તરીકે નિયુક્ત થતા પહેલા તેઓ ગુજરાત સરકારશ્રીની સેવામાં વિવિધ હોદ્દા પર હતા.

આથી, આપના ડિરેક્ટરો શ્રી એ. કે. વર્માની ડિરેક્ટરના હોદ્દા પરની નિમણૂંકની ભલામણ કરે છે. નિમણૂંક પામતા શ્રી એ. કે વર્મા સિવાયનાં કોઈ પણ ડિરેક્ટર આ ઠરાવનાં અનુસંધાનમાં સંબંધ કે હિત ધરાવતા નથી.

**બાબત નં. ૬ના સંદર્ભમાં :**

કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૬૦ની જોગવાઈઓ અનુસાર બોર્ડ ઓફ ડિરેક્ટર્સે તારીખ ૨૦/૧૨/૨૦૦૮ના રોજ કંપનીના આર્ટીકલ્સ ઓફ એસોસીયેશનની કલમ ૫૭ અનુસાર ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડનું પ્રતિનિધત્વ કરતાં એડિશનલ ડિરેક્ટર તરીકે કંપનીના બોર્ડ ઉપર શ્રી કે. એમ. શ્રીંગારપુરેની ઉપરોક્ત તારીખથી આ વાર્ષિક સામાન્ય સભાની તારીખ સુધી નિમણૂંક કરેલ છે. તેઓ હાલમાં હોલ્ડીંગ કંપની જીયુવિએનએલમાં જનરલ મેનેજર (નાણાં અને હિસાબો)ના હોદ્દા પર છે અને સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ અનુભવ નાણાં અને હિસાબોનાં ક્ષેત્રોમાં ધરાવે છે.

આથી. આપના ડિરેકટરો શ્રી કે. એમ. શ્રીંગારપુરેની ડિરેકટરના હોદ્દા પરની નિમણૂંકની ભલામણ કરે છે. નિમણૂંક પામનાર શ્રી કે. એમ. શ્રીંગારપુરે સિવાયનાં કોઈ પણ ડિરેકટર આ ઠરાવના અનુસંધાનમાં સંબંધ કે હિત ધરાવતા નથી.

ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ એ કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૬૧૭ની જોગવાઈઓમાં આવતી સરકારી કંપની છે અને તેથી સરકાર દ્વારા વખતોવખત જારી કરવામાં આવતા આદેશો અંતર્ગત વિવિધ છુટછાટોને પાત્ર છે, જેમાં કલમ ૨૫૭ કે જે મુજબ નિમણૂંક પામનાર ડિરેકટરે કંપનીને નોટિસ આપવાની હોય છે, તેનો સમાવેશ થઈ જતો હોવાથી બાબત નં. ૫ થી ૬માં દર્શાવેલ ડિરેકટરોની નિમણૂંક ઉમેદવારી સંબંધમાં કોઈ નોટિસની જરૂર રહેતી નથી.

બોર્ડના હુકમથી

તારીખ : ૨૦મી ડિસેમ્બર, ૨૦૦૮
સ્થળ : અમદાવાદ

નિતિનકુમાર એમ. જોષી, એફ.સી.એસ.
કંપની સચિવ

# ડિરેક્ટરોનો અહેવાલ

પ્રતિ,
સભ્યશ્રીઓ,
**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

આપના ડિરેક્ટરો તા. ૩૧મી માર્ચ, ૨૦૦૮ના રોજ પુરા થતાં નાણાકીય વર્ષ માટેનાં હિસાબોનાં ઓડિટ થયેલા પત્રકો સહિતનો પાંચમો વાર્ષિક અહેવાલ આ સાથે રજૂ કરતાં આનંદ અનુભવે છે.

**નાણાકીય ઝલક**

કંપનીનાં નાણાકીય પરિણામો સંક્ષિપ્તમાં નીચે મુજબ છે.

(રૂ. લાખમાં)

| વિગતો | ૨૦૦૭–૦૮ | ૨૦૦૬–૦૭ |
|---|---|---|
| કુલ આવક | ૩,૩૬,૧૭૯ | ૨,૯૭,૪૯૦ |
| ઘસારો, વ્યાજ અને વેરા પહેલાનો નફો | ૧૮,૦૮૪ | ૨૦,૩૪૧ |
| ઘસારો | ૮,૯૨૭ | ૭,૭૭૭ |
| વ્યાજ અને નાણા ચાર્જ | ૮,૯૭૨ | ૧૦,૫૫૬ |
| વેરા પહેલાનો નફો | ૧૮૫ | ૨,૦૦૮ |
| વેરા માટેની જોગવાઈ (વિલંબીત વેરા અને ફ્રીન્જ બેનીફીટ ટેક્ષ સહિત) | ૯૯ | ૨૯૧ |
| વેરા પછીનો નફો | ૮૬ | ૧,૭૧૭ |
| અગાઉના વર્ષનો નફો આગળ લાવ્યા | ૧,૮૭૩ | ૧૫૬ |
| વિનિયોગ માટે મળવાપાત્ર નફો | ૧,૯૫૯ | ૧,૮૭૩ |

**ડિવિડન્ડ**

કંપનીના સ્ત્રોતોનો બચાવ અને વિવિધ પ્રણાલિઓના સુધારાને ધ્યાનમાં લઈને આ વર્ષ માટે કોઈ ડિવિડન્ડની ભલામણ કરી નથી.

**વર્ષ દરમ્યાન કામગીરીઓ**

વર્ષ દરમિયાન રૂ. ૩,૩૬,૧૭૯ લાખ જેટલી રકમની સબસીડી સહિત વિજળીના વેચાણમાંથી આવક થઈ છે. (અગાઉના વર્ષનાં રૂ. ૨૯૭,૪૯૦ લાખ) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડમાંથી ૧૩,૦૦૧ મિલિયન યુનિટ (અગાઉના વર્ષમાં ૧૧,૯૮૫ મિ.યુ.) ઉર્જા ખરીદીને તમામ પ્રકારના વપરાશકર્તાઓને ૧૦,૨૪૦ મિલિયન યુનિટનું (અગાઉના વર્ષમાં ૯,૫૯૦ મિ.યુ.) વેચાણ કર્યું છે. વીજ વહન અને વિતરણમાં પડતી એકંદર ઘટ ૨,૭૬૧ મિલિયન યુનિટ (અગાઉના વર્ષમાં ૨,૩૯૫ મી.યુનિટ)ના પ્રમાણમાં ૨૧.૨૪ % (અગાઉના વર્ષમાં ૧૯.૯૮%)ના દરે નોંધાઈ છે.

સદર વર્ષ પર સામાન્યપણે દૃષ્ટિ નાંખતા જણાઈ આવશે કે કંપનીએ તેના લક્ષ્યો હાંસલ કરવા ઘણા પ્રયત્નો આદરેલ છે. કામકાજની કેટલીક ઝલક નીચે જણાવ્યા મુજબ છે :

- બધા જ ૨૦૮૪ ગ્રામ્ય વિસ્તારના ફીડરો ફક્ત ખેતીવાડી માટે ઘોષિત કરવામાં આવ્યા છે.
- ગત વર્ષ કરતાં આ વર્ષે ટ્રાન્સફોર્મર ફેલ થવાનો દર પણ ૧૪.૭૫% થી ઘટીને ૧૨.૬૨% થયો છે.

- વીજળીનો દુરુપયોગ અને ચોરી ડામવા માટે કંપની તેની કડક તપાસણી માટે ઝુંબેશ આદરી છે. વર્ષ દરમ્યાન થયેલ તપાસણીનાં આંકડાઓ નીચે દર્શાવેલ છે.
  (૧) વીજ જોડાણોની તપાસ – ૬,૧૮,૩૫૭ (સંખ્યા)
  (૨) ગેરરીતિમાં પકડાયેલ વીજજોડાણો – ૧૨,૧૧૬ (સંખ્યા)
  (૩) આકારણી કરેલ રકમ – રૂ. ૯૮૪.૪૯ લાખ
- ઘનિષ્ઠ કાર્યવાહીને લીધે, ગ્રાહકો પાસે બાકી લેણી રકમ સાથે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. ની વિતરણ કંપનીઓમાં સૌથી નીચી ૨૦.૫૦%ની રહે છે.
- વર્ષ દરમિયાન ૧૪૨ ફીડરો વીજ વિતરણ પ્રક્રિયામાં સુધાર અને અવિરતપણે વીજળી પૂરી પાડવા, વિઘટન અને કાર્યાન્વિત કરેલ છે.
- ૮૪૩ વધુ દબાણવાળા વિજ ગ્રાહકોના સ્થળે ઓટોમેટેડ રીમોટ મીટરીગ (એઆરએમ) સીસ્ટમ લગાડવામાં આવી છે. જેથી અચુક બીલીંગ સીસ્ટમ અને મનુષ્ય–બળમાં ઘણી સમયની બચત થઈ છે અને તે ગ્રાહકોના વીજ વપરાશનો અભ્યાસ તથા તેના ઉપર દેખરેખમાં મદદરૂપ થાય છે.
- ટેકનીકલ લોસ ઘટાડવા માટે ૪,૫૫૯ એમોર્ફસ ટ્રાન્સફોર્મર ગ્રામિણ વિસ્તારમાં મુકવામાં આવ્યા છે.
- વિવિધ કાર્યવાહીમાં એન્ડ ટુ એન્ડ સોલ્યુશન માટે ગુ.ઉ.વી.નિ. લી. દ્વારા e-Urja યોજના અંતર્ગત, ગુ.ઉ.વી.નિ. લી. અને તેની સંલગ્ન કંપનીઓ દ્વારા નોંધાયેલ સિદ્ધિ પ્રાપ્ત કરે છે, જેમાં આવતાં વર્ષોમાં e-Urja દ્વારા સર્વ કાર્યવાહી લાઈવ પ્રક્રિયા દ્વારા કરવાની યોજના છે.

## ભૌગોલિક માહિતી પદ્ધતિ (GIS)

ગ્રાહકોની યાદી / અનુક્રમણિકા, જીઆઈએસ મેપીંગ (નકશાઓ) અને સમગ્ર પૃથ્થકરણ વડે અસકયામતોની ઓળખ માટે ભૌગોલિક માહિતી પદ્ધતિ (GIS) કંપનીમાં દાખલ કરી છે. પ્રણાલીકામાં આવતી ખોટ અને ઈલેક્ટ્રીકલ પૃથ્થકરણની ગણતરી કરવા સારૂ, જીઆઈ પદ્ધતિ નેટવર્ક એનાલીસીસ ટુલ – માપ – પાવર વડે પૂર્ણ કરેલ છે. વાન (WAN) માં વેબ–આધારે જીઆઈએસ ઉપલબ્ધ થઈ શકે છે. જેથી, સંપૂર્ણ નેટવર્ક ઈન્ટરનેટ પર જોઈ શકાય છે : જીઆઈએસ સાથે "ટ્રબલ કોલ મેનેજમેન્ટ મોડ્યુલ"ની વ્યવસ્થા પૂર્ણ કરવામાં આવી છે. અને આ વ્યવસ્થા એસસીએડીએ/ડીએએસ તેમજ એલટી/એચટી બીલીંગ માટે પૂર્ણ કરી શકાશે.

પ્રથમ તબક્કામાં, આઠ મુખ્ય શહેરોના ૬૩ ફીડરોની માહિતી આ પદ્ધતિ હેઠળ મુકવામાં આવી છે. બીજા અને ત્રીજા તબક્કામાં મહેસાણા અને સાબરમતી સર્કલ અને તેના ગ્રામ્ય વિસ્તારોના કુલ ૧૧૨૩ ફીડરો આવરી લેવામાં આવ્યા છે.

- કુલ ૭૦૨ સ્પેશીયલ ડીઝાઈન ટ્રાન્સફોર્મર ખેતીવાડી હેતુ માટે સ્થાપિત કર્યા છે, જેનો લાભ ૨૨,૦૦૮ ફાર્મ હાઉસના ગ્રાહકોને પણ મળ્યો છે.
- કામકાજની પ્રગતિ – નવા વીજ જોડાણો

| | કામકાજની પ્રગતિ – નવા વીજ જોડાણો | | સંખ્યા |
|---|---|---|---|
| ૧. | વધુ દબાણવાળા નવા જોડાણો | – | ૨૯૦ |
| ૨. | વધુ દબાણવાળા જોડાણો – લોડમાં વધારો | – | ૧૭૨ |
| ૩. | ઓછા દબાણવાળા ઔદ્યોગિક જોડાણો | – | ૨,૪૯૪ |
| ૪. | ઘરેલુ જોડાણો | – | ૭૭,૨૧૦ |
| ૫. | વારીગૃહો | – | ૪૦૭ |
| ૬. | ખેતીવાડી માટેના જોડાણો | | |
| | (અ) RE સ્કીમ | – | ૩૮૫ |
| | (બ) TASP | – | ૧,૫૬૮ |
| | (ક) તત્કાળ | – | ૧,૨૫૮ |

| | | | |
|---|---|---|---|
| ૭. | પેટાપરાનું વિજળીકરણ | – | ૬ |
| ૮. | SCSP | – | ૧,૧૬૪ |
| ૯. | આરજીજીવીવાય (નવા જોડાણ) | – | ૪૪,૯૦૦ |
| ૧૦. | ઝુપડપટ્ટી – જોડાણો | – | ૬૪,૧૮૨ |
| ૧૧. | સીસ્ટમ નેટવર્કમાં વધારો | | |
| | (અ) વધુ દબાણની વીજ રેષા | – | ૨,૬૨૯ કી.મી |
| | (બ) ઓછા દબાણવાળી વીજ રેષા | – | ૨,૩૭૮ કી.મી |
| ૧૨. | ટ્રાન્સફોર્મર સેન્ટર | – | ૫,૮૭૫ |

**ભવિષ્યની યોજનાઓ**

**આરએમયુ અંતર્ગત ભુમિગત કેબલ–વ્યવસ્થા**

કંપનીએ ચાંદખેડા, ઘુમા અને અમદાવાદ પાસે આંબલી ખાતે ગ્રાહકોને સતત વીજ પ્રવાહ વિશ્વાસપૂર્વક મળી રહે એ હેતુથી ભૂમિગત કેબલ સિસ્ટમની યોજના બનાવી છે. કંપનીએ નરોડા અને ઓઢવ ઔદ્યોગિક વિસ્તાર અને ધાર્મિક સ્થળ અંબાજીમાં પણ આ યોજના દાખલ કરવા આયોજન કર્યું છે.

<u>વીજ વિતરણ કેન્દ્રોનું વિઘટન</u>

સતત વીજ પ્રવાહ મળી રહે એ હેતુથી ૧૫૦ જેટલા વીજ વિતરણ કેન્દ્રો જ્યાં હાલ ઘણા ઓછા વોલ્ટેજ મળે છે, ત્યાં (ફીડરો)નું વિઘટન કરવાની યોજના બનાવી છે.

**સરકારી યોજનાઓ**

સરકારશ્રી દ્વારા પુરસ્કૃત થયેલ વિજળીકરણની વિવિધ યોજનાઓ જેવી કે આરજીજીવીવાય (છ જિલ્લાઓમાં) ઝુપડપટ્ટી, કુટીર જ્યોતિ, TASP–કુવાઓ, TASP–પેટાપરા, BPL–ઝુંપડપટ્ટી, NGP–અંડર ટ્રાઈબલ એરિયા, પ્રીમીટીવ ટ્રાઈબ હાઉસ વિજળીકરણ, માઈક્રો ઈરીગેશન સિસ્ટમ વિગેરે માટે કંપનીએ લક્ષ્યાંકો સિદ્ધ કરવા યોજના બનાવી છે.

**ગ્રાહક સેવાઓ**

જીલ્લા સ્થળે અને મુખ્ય નગરોમાં સપૂર્ણ કોમ્પ્યુટરાઈઝ્ડ એવા ગ્રાહક સેવા કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે.

૧. ગ્રાહકોને ઉત્તમ સેવા

૨. વીજળી ફોલ્ટ શોધવા અને તે સુધારવાના ટાઈમમાં કમી

૩. ડેટાનાં વર્ગીકરણ કરીને નેટવર્કની વિશ્વસનિયતાનાં આધારે સેવાઓની ગુણવત્તામાં સુધારો

**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**

કંપનીએ વીજળી અધિનિયમ, ૨૦૦૩ અને તેની હેઠળ બહાર પાડેલા વિનિમયોથી ફરમાવ્યા મુજબ ગ્રાહક તકરાર નિવારણ ફોરમની રચના કરી છે. વર્ષ દરમ્યાન ૩૯ ફરીયાદોને સાંભળવામાં આવી હતી.

**ટેરીફ (વીજ દર)**

ગુજરાત વીજ નિયમન પંચ (GERC) રાજ્યમાં વીજ ઉપયોગિતાની કામગીરીનું નિયમન કરતું સત્તા મંડળ છે, જેને વીજ ઉર્જાના આખરી વપરાશકર્તાઓ માટેની છુટક ટેરીફ દરો નક્કી કરવા સહિત ઘણી બધી કામગીરી સોંપવામાં આવી છે.

આ વર્ષ દરમ્યાન કંપનીએ વધુ વર્ષો માટે એકંદર મહેસુલી જરૂરીયાતો (ARR) અને ૨૦૦૮–૦૯ થી ૨૦૧૦–૧૧ માટે ટેરીફ સુયોજનની મંજૂરી માંગતી અરજી તા. ૩૧/૦૭/૨૦૦૮ના રોજ ગુજરાત વીજ નિયમન પંચ સમક્ષ કરી હતી.

**વૈધાનિક ઓડિટરો**

કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડીયા, નવી દિલ્હીએ નાણાકીય વર્ષ ૨૦૦૭–૦૮માટે હિસાબોના વૈધાનિક ઓડીટર તરીકે મે. મોદી એન્ડ મોદી કંપની, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ વડોદરાની નિમણુંક કરેલ હતી. તા. ૨૬મી ડિસેમ્બર, ૨૦૦૭ના રોજ વાર્ષિક સામાન્ય સભામાં તેઓના નિમણુંકની નોંધ લેવામાં આવી હતી અને તેઓનું મહેનતાણું નક્કી કરવા મેનેજીંગ ડિરેક્ટરશ્રીને સત્તા આપવામાં આવી હતી.

સી એન્ડ એજી દ્વારા નિયુક્ત થયેલ વૈધાનિક ઓડિટર મે. મોદી એન્ડ મોદી કું. વડોદરાની જગ્યાએ કંપનીના નાણાકીય વર્ષ ૨૦૦૭–૦૮ માટે ઓડિટર તરીકે નિમણુંક મે. પી. સીંઘવી એન્ડ એસોસીએટ્સની થતા તેના જાણ કરતો પત્ર કંપનીને તા. ૫/૦૩/૨૦૦૮ના રોજ મળ્યો હતો.

સી એન્ડ એજી, નવી દિલ્હી દ્વારા નાણાકીય વર્ષ ૨૦૦૮–૦૯ માટે હિસાબોના વૈધાનિક ઓડિટર તરીકે મે. પી. સીંઘવી એન્ડ એસોસીએટ્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, ગાંધીનગરની નિમણુંક કરી છે. કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૨૪ની જોગવાઈઓ મુજબ તેમનું મહેનતાણું સામાન્ય સભામાં કંપનીએ નક્કી કરવાનું રહે છે.

**વૈધાનિક ઓડિટરનો અહેવાલ**

ઓડિટરના અહેવાલમાં જણાવેલી હિસાબોની નોંધો સ્વયં સ્પષ્ટ છે અને તેથી અન્ય કોઈ ટિપ્પણીની આવશ્યકતા નથી.

કંપની અધિનિયમ, ૧૯૬૫ની કલમ ૬૧૯(૪) અનુસાર કમ્પ્ટ્રોલર એન્ડ એડિટર જનરલ ઓફ ઈન્ડીયાની ટીપ્પણી અહેવાલ આવ્યા પછી તરત જ તેની જાણ સૌને કરવામાં આવશે.

**કોસ્ટ ઓડિટર**

ભારત સરકારના નાણાં મંત્રાલય દ્વારા કંપની અધિનિયમ ૧૯૫૬ની કલમ ૨૩૩–બી હેઠળ વીજ ઉદ્યોગના કોસ્ટ એકાઉન્ટીંગ રેકર્ડસ (વીજ ઉદ્યોગ) રૂલ્સ, ૨૦૦૧ના સંબંધમાં કંપનીએ રાખેલ/નિભાવેલ ખર્ચના હિસાબોના રેકર્ડ અને હિસાબોના ચોપડાઓનું ઓડિટ કરવા માટે કોસ્ટ ઓડિટરની નિમણુંક કરવા માટે ભારત સરકારના નાણાં મંત્રાલયે કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૩૩બી હેઠળ કોસ્ટ ઓડિટ ઓર્ડર બહાર પાડેલ છે. તદ્અનુસાર, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ નાણાકીય વર્ષ ૨૦૦૭–૦૮ માટે કોસ્ટ ઓડિટર તરીકે મે વાય. એસ. ઠાકર એન્ડ એસોસીએટ્સ, વડોદરાની વીજ ઉપયોગના પેદાશનું કોસ્ટ ઓડિટ કરવા નિમણુંક કરી છે, જે માટે કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે.

વર્ષ ૨૦૦૮–૦૯ માટે બોર્ડ ઓફ ડિરેક્ટર્સે મે. વાય. એસ. ઠાકર એન્ડ એસોસીએટ્સની કંપનીના ખર્ચના હિસાબો/રેકર્ડનું કોસ્ટ ઓડિટ કરવા પુનઃ નિમણુંક કરી છે અને તેઓના નિમણુંક માટેની મંજૂરી કેન્દ્ર સરકાર તરફથી મળી છે.

ડિરેક્ટર્સ

છેલ્લી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૬મી ડિસેમ્બર, ૨૦૦૭ના રોજ યોજાઈ હોવાથી ત્યારથી ડિરેક્ટર્સમાંના ફેરફારની વિગતો નીચે મુજબ છે :

- શ્રી એચ. એસ. પટેલ, આઈએએસ રાજકોટ ખાતે કલેક્ટર તરીકે બદલી થતા, ૩૧/૦૩/૨૦૦૮ થી કંપનીના ડિરેક્ટર પદેથી રાજીનામું આપ્યું છે.
- શ્રી એ. કે. વર્મા, આઈએફએસની વિશેષ ડિરેક્ટર તથા મેનેજીંગ ડિરેક્ટર તરીકે તા. ૧૩/૦૫/૨૦૦૮ થી નિમણૂંક થયેલ છે.

કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૬૦ની જોગવાઈઓ અનુસાર બોર્ડ ઓફ ડિરેક્ટર્સે તારીખ ૧૩મી મે, ૨૦૦૮ના રોજ કંપનીના આર્ટીકલ્સ ઓફ એસોસીયેશનની કલમ ૫૭ અનુસાર ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડનું પ્રતિનિધિત્વ કરતાં એડિશનલ ડિરેક્ટર તરીકે કંપનીના બોર્ડ ઉપર શ્રી એ. કે. વર્મા, આઈએફએસની ઉપરોક્ત તારીખથી આ વાર્ષિક સામાન્ય સભાની તારીખ સુધી નિમણૂંક કરેલ છે તેમજ તે જ તારીખથી તેઓની કંપનીના મેનેજીંગ ડિરેક્ટર તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

આપના ડિરેક્ટર્સ શ્રી એચ. એસ. પટેલ, આઈએએસ એ મેનેજીંગ ડિરેક્ટર તરીકે તેમનાં કાર્યકાળ દરમ્યાન આપેલી મૂલ્યવાન સેવાઓની પ્રશંસાપૂર્વક નોંધ લે છે.

શ્રી. એચ. પી. દેસાઈ અને શ્રી જી. મહાપાત્ર આઈએએસ આગામી પાંચમી વાર્ષિક સામાન્ય સભામાં ક્રમાનુસાર નિવૃત્તિ લઈ, ફેર નિમણૂંક માટે સ્વયં પાત્રતા ધરાવે છે.

**ડિરેક્ટરોના જવાબદારીનું નિવેદન**

કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૧૭(૨એએ) અનુસાર,

૧. વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં લાગુ પડવા પાત્ર હિસાબી ધોરણો, મહત્ત્વની બાબત કોઈ રહી ગઈ હોય, તો તેને લગતા યોગ્ય ખુલાસા સહિત અનુસરવામાં આવ્યા છે.

૨. તા. ૩૧મી માર્ચ, ૨૦૦૮ની સ્થિતિ મુજબ કંપનીના કામકાજની સ્થિતિની અને તે સમયગાળા માટેનો કંપનીના નફાનો સાચો અને વ્યાજબી અભિપ્રાય આપવા માટે હિસાબી ધોરણો પસંદ કરીને વ્યાજબી અને યોગ્ય હોય તેવા નિર્ણયો અને અંદાજોનો તદ્નુસાર અમલ કરવામાં આવ્યો છે.

૩. કંપનીનાં અસ્કયામતોની સલામતીના હેતુથી અને ગેરરીતિઓ અટકાવવાં અને અન્ય અનિયમિતતાઓ શોધી કાઢવા માટે કંપની અધિનિયમ, ૧૯૫૬ની જોગવાઈઓ અનુસાર યોગ્ય હિસાબી રેકર્ડ નિભાવવા માટે યોગ્ય અને પુરતી કાળજી લેવામાં આવી છે.

૪. વાર્ષિક હિસાબો ગોઈંગ કન્સર્ન બેઝીસ પર તૈયાર કરવામાં આવ્યા છે.

**ઓડિટ કમિટી**

કંપની અધિનિયમ,૧૯૫૬ની કલમ ૨૯૨એ અનુસાર આપની કંપનીએ ઓડિટ કમિટીની રચના કરી છે, જેના હાલમાં સભ્યો નીચે મુજબ છે :

| | | |
|---|---|---|
| (૧) | પ્રો. અજય પાંડે | અધ્યક્ષ |
| (૨) | પ્રો. (ડૉ) બી. એ. પ્રજાપતિ | સભ્ય |
| (૩) | ડૉ. એમ. કે. ઐયર | સભ્ય |

માહીતી પ્રગટ કરવા બાબત

(અ) **કર્મચારીઓની વિગતો :**

સુધાર્યા મુજબનાં કંપની (કર્મચારીઓની વિગતો) નિયમો, ૧૯૭૫ની સાથે વંચાણે લેતા કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૧૭(એ)ની જોગવાઈઓ હેઠળ ઠરાવેલ મર્યાદાથી અધિક મહેનતાણું વર્ષ દરમ્યાન કોઈ કર્મચારીને મળેલ નથી.

(બ) **ઉર્જા સંરક્ષણ અને ટેકનોલોજીનો સમાવેશ**

કંપની (બોર્ડ ઓફ ડિરેકટર્સના અહેવાલમાં વિગતો જાહેર કરવા બાબત) નિયમો, ૧૯૮૮ની સાથે વાચતાં કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૧૭(૧)(ઈ) હેઠળ ફરમાવ્યા મુજબ ઉર્જા સંરક્ષણ, ટેકનોલોજીના સમાવેશ સંબંધી માહિતી આ અહેવાલનાં પરિશિષ્ટમાં આપેલી છે અને તે આ રિપોર્ટનો ભાગ બને છે.

(ક) **વિદેશી હુંડીયામણની મળતર અને જાવક**

સમિક્ષા હેઠળના વર્ષ દરમ્યાન કોઈ પણ વિદેશી હુંડિયામણ મેળવવામાં આવ્યું નથી અથવા તો આપવામાં આવ્યું નથી.

ઋણ સ્વીકાર

બોર્ડ ઓફ ડિરેકટર્સ કંપનીના કામકાજમાં સમજદારીપૂર્વક સાથ સહકાર આપીને બધી જ કક્ષાના કમચારીઓએ જે ફાળો આપેલ છે તેની સહર્ષ નોંધ લે છે. કંપનીના વિકાસ અને સફળતામાં કર્મચારીઓની પ્રશંસનીય નિષ્ઠા, સુઝ અને કામ પ્રત્યેની તત્પરતા જેને લીધે કંપનીનો વિકાસ શક્ય બન્યો છે તથા સફળતા મળી છે તે માટે તેમની કદર કરે છે અને આભારની લાગણી વ્યક્ત કરે છે. ડિરેકટર્સ નિરંતર સહકાર અને ઉત્તેજન આપવા બદલ ભારત સરકાર (વીજ મંત્રાલય સહિત), ગુજરાત સરકાર (ઉર્જા અને પેટ્રોલિયમ વિભાગ સહિત), ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (હોલ્ડીંગ કંપની), ગુજરાત સ્ટેટ રેગ્યુલેટરી કમિશન (GERC), ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજનસી (GEDA) નાણાકીય સંસ્થાઓ, બેન્કો, ગ્રાહકો, પુરવઠાદારો અને અન્ય બિઝનેસ એસોસીએટ્સના અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરે છે. કંપની કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા, આંતરીક, વૈધાનિક અને કોસ્ટ ઓડિટરો તેમજ કન્સલટન્ટસ્ તથા સલાહકારોએ આપેલ સુચનો અને સહકાર બદલ આભાર વ્યક્ત કરે છે.

બોર્ડ વતી

તા. ૨૦મી ડીસેમ્બર, ૨૦૦૮ — ગુરૂપ્રસાદ મહાપાત્ર, આઈએએસ
સ્થળ : અમદાવાદ — અધ્યક્ષ

ડિરેક્ટરોના અહેવાલનું પરિશિષ્ટ-૧ :

કંપની (બોર્ડ ઓફ ડિરેક્ટર્સના અહેવાલમાં વિગતો જાહેર કરવા બાબત) નિયમો, ૧૯૮૮ હેઠળ

(અ) ઉર્જા સંરક્ષણ

- **ઉર્જા સંરક્ષણ માટે લીધેલા પગલા :**

  - પાવર ફેકટરમાં સુધારણા કરવા માટે ઓટોમેટિક પાવર ફેકટર કંટ્રોલર (APFC) કાર્યવાહી હેઠળ છે. જેનાથી તાંત્રિક નકશા ઘટાડી શકાશે. એપીએફસી કેપેસીટરોને તબક્કાવાર ચાલું અને બંધ કરી શકે છે અને ધારેલું પાવર ફેકટર આપમેળે રાખે છે. આ APFC પ્રતિ ક્રિયાત્મક ઉર્જાને સમતોલ રાખવા માટે ટ્રાન્સફોર્મરના હળવા દબાણમાં ભારનાં આધારે કેપેસીટરને ચાલું કરે છે. આમ તેનાથી પાવર ફેકટરમાં સુધારણા લાવીને આવા ફીડરોનાં ટ્રાન્સફોર્મરના કેપેસીટરોના સ્થાપનાથી મહત્ત્વની ઉર્જા બચાવી શકાશે. પ્રથમતા સાબરમતી સર્કલનાં શહેરી વિસ્તારમાં APFC સ્થાપિત કરવાની યોજના છે.
  - વધુ ઘટ ધરાવતા ફીડરોને શોધી કાઢવામાં આવ્યા છે. સબ–ડીવીઝન કક્ષાએ તાંત્રિક ઘટ ઘટાડવા દરેક ટ્રાન્સફોર્મર સેન્ટર પર મુકીને વિશેષ દેખરેખ રાખવામાં આવે છે. જેથી સર્વ કક્ષાએ સારી રીતે નિયંત્રણ રાખી શકાય અને મોટી ઘટના કારણભૂત છીદ્રોનો આવકાશ ન રહે.
  - નિયમિત રીતે વીજ રેષાઓનું અને સંશાધનોનું મેન્ટેનન્સ કરવામાં આવે છે.
  - ગ્રાહકોમાં જાગૃતિ લાવવા વીજબીલ સાથે વીજ બચત કેવી રીતે કરી શકાય અને તેનો કેવી રીતે સારામાં સારો ઉપયોગ થઈ શકે એની સમગ્ર માહિતી આપતા ચોપાનિયા વહેંચવામાં આવે છે. દરેક કક્ષાનાં ગ્રાહકોને સમાન સમાવિષ્ટ કરીને વીજ બચત અંગે તેઓને માહિતગાર કરી આવ્યા છે.
  - કાર્યસાધક પ્રકાશ વ્યવસ્થા માટે ૩૨૪૫ CFL અને ૧૨૮૨ બેલાસ્ટ ઈલેક્ટ્રોનિક કંપનીએ ખરીદ કરી પોતાની ઓફીસો અને કોલોનીઓમાં સ્થાપિત કર્યા છે.
  - તાંત્રિક ઘટ ઘટાડવો માટે શહેરી વિસ્તારમાં ઔદ્યોગિક વિસ્તાર જ્યોતિગ્રામ ફીડરો પર ૪૫૫૯ એમોર્ફસ ટ્રાન્સફોર્મર પૂરા પાડવામાં આવ્યા છે અને વધુની ખરીદી માટેની કાર્યવાહિ પ્રગતિમાં છે.

(બ) **ઉર્જા વપરાશ ઘટાડવા માટે કોઈ વધારાના રોકાણ અને દરખાસ્તોનો અમલ થતો હોય તો તેવા રોકાણો અને દરખાસ્તો :**

- વીજ બચત માટે APFC પેનલ પૂરી પાડી ટેકનીકલ લોસ ઘટાડવાની યોજના છે.
- ડીમાન્ડ સાઈડ મેનેડમેન્ટ (DSM)ની સહાયથી અને ખેતીવાડી માટેના લોડ રીગ્રુપ કરીને કીલોવોટ અને પીક–ડીમાન્ડમાં ઘણી બચત કરી શકાય એવી અપેક્ષા છે.

ઉર્જા વપરાશ ઘટાડવા માટે ઉપરના (અ) અને (બ)ના પગલાંની અસર અને માલ-ઉત્પાદનના ખર્ચ પર પરિણાત્મક અસરો :

- કીલોવોટ અને ઉંચી માંગમાં બચત અને પરિવહન અને વિતરણ ખાધમાં ઘટાડો થાય.

(બ) **ટેકનોલોજીમાં સમાવેશ :**

ટેકનોલજીના સમાવેશમાં થયેલા પ્રયાસો ફોર્મ-બી મુજબ છે.

## ફોર્મ-બી

(ટેકનોલોજીમાં સમાવેશ થયેલી વિગતોની સ્પષ્ટતા)

**(અ) સંશોધન અને વિકાસ (R&D)**

કંપનીએ પોતે વર્ષ દરમ્યાન કોઈ પણ સંશોધન અને વિકાસ પ્રવૃત્તિ કરી નથી. તેથી અમુક પ્રવૃત્તિઓ કામગીરીના સુધારણામાં પરિણમતા ઘરગથ્થું સંશોધનો મારફત હાથ ધરવામાં આવે છે.

**(૧) કંપની દ્વારા સંશોધન અને વિકાસ પ્રવૃત્તિ કરવામાં આવી હોય તેવી ચોક્કસ પ્રવૃત્તિઓ**

- ફાર્મ હાઉસમાં રહેતા ગ્રાહકોને સીંગલ ફેઝ પાવર સપ્લાય સરળતાથી મળી રહે તે હેતુથી સ્પેશ્યલ ડીઝાઈન્ડ ટ્રાન્સફોર્મર ખુદ કંપની દ્વારા જ ડીઝાઈન કરવામાં આવ્યા છે.
- સાબરમતી સર્કલ ખાતે હાઈ–ટેક મીટર ટેસ્ટીંગ લેબોરેટરી (HML) સ્થાપવામાં આવી છે.
- પસંદ કરેલા ભારે દબાણવાળા ગ્રાહકો માટે ઓટોમેટેડ રિમોટ મીટરીંગ (ARM)

**(૨) ઉપરની સંશોધન અને વિકાસ પ્રવૃત્તિને પરિણામે મળેલા લાભ :**

- સ્પેશ્યલી ડીઝાઈન્ડ ટ્રાન્સફોર્મરથી ફાર્મ હાઉસમાં રહેતા આશરે ૪૦,૦૦૦ ગ્રાહકોને ખલેલ રહિત વીજ પુરવઠાનો લાભ મળ્યો.
- ટેકનીકલ રીતે અદ્યતન પ્રયોગશાળામાં ગુણવત્તાયુક્ત મીટરની ચોક્સાઈપૂર્વક ચકાસણી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ વ્યાજબી છે.
- ઓટોમોટેડ રિમોટ મીટરીંગ (ARM) સાયકલ ઘટાડીને મીટરમાં સંગ્રહીત કરેલી માહિતી ઝડપી પ્રક્રિયાના હેતુથી કોઈપણ સમક્ષ ડાઉનલોડ કરી શકાય છે. કોઈ પણ સમયે વપરાશ જોઈ શકાય છે. તેમજ ગ્રાહકપક્ષે રહેતી કોઈ પણ અનિયમિતતાઓ શોધી કાઢવામાં મદદરૂપ થઈ શકે.

**(૩) કામગીરીનું ભાવિ આયોજન :**

- ભારે દબાણવાળા (HT) બધા જ ગ્રાહકોને ઓટોમેટેડ રિમોટ મીટરીંગ (ARM) સિસ્ટમ પૂરી પાડવી
- શહેરી, ઔદ્યોગિક અને જ્યોતિગ્રામ ફીડરો પરના ૧૦૦ કેવીએ કેપેસીટીવાળા બધા જ ટ્રાન્સફોર્મર સેન્ટરને એમોર્ફસ ટ્રાન્સફોર્મર દ્વારા સ્થાપિત કરવા.
- અમદાવાદના આજુબાજુના વિસ્તારોમાં ઓવરહેડ પદ્ધતિમાં બદલ કરી તેને અંડરગ્રાઉન્ડ પદ્ધતિમાં ફેરવવા.

**(૪) સંશોધન અને વિકાસ પર ખર્ચ :**

- સ્પેશ્યલી ડીઝાઈન્ડ ટ્રાન્સફોર્મર (SDT) માટે સંશોધન અને વિકાસ પર રૂા. ૧૨૦૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

**(બ) ટેકનોલોજી સમાવેશ અનુકૂલન અને નવીનીકરણ :**

**(૧) ટેકનોલોજી સમાવેશ અનુકૂલન અને નવીનીકરણમાં કરેલ પ્રયાસો ટૂંકમાં:**

- ભારે દબાણવાળા (HT) વીજ ગ્રાહકો માટે ઓટોમેટેડ રિમોટ મીટરીંગ (ARM) સિસ્ટમનું વિતરણ
- WEB બેઝડ કોમ્પ્યુટરાઈઝ્ડ કમ્પ્લેઈન્ટ મેનેજમેન્ટ વ્યવસ્થા.

- વિશિષ્ટ ફોન નંબર ધરાવતા આધુનિક ગ્રાહક સેવા કેન્દ્રો.
- વિડિયો, વોઈસ અને મીડીયા સંદેશા વ્યવહાર ધરાવતું વાઈડ એરિયા નેટવર્ક (WAN) મારફત તમામ વર્તુળ કચેરીઓનું જોડાણ.
- કંપનીના ગ્રામ્ય વિસ્તારોમાં વીજ બીલનું "ગમે તે સમયે ચુકવણું" (any-time payment) કરવા માટેનાં સંયત્રની સ્થાપના.

**(૨) ઉપરના પ્રયાસોના કારણે મળેલા લાભ:**

- ભારે દબાણવાળા ગ્રાહકોને ઓટોમેટેડ મીટર રીડીંગ (ARM) સિસ્ટમના અમલીકરણથી બીલીંગ અને લોડ સર્વે સીસ્ટમનાં પ્રોસેસ મહત્ત્વની સુધારણા મળી છે. તેમજ ઓનલાઈન દેખરેખ અને લગતી વિગતો તાત્કાલિક મેળવવાનું શક્ય બન્યું છે.
- ગ્રાહક સંબંધી તમામ સમસ્યાઓ માટે એક જ સ્થળ
- GISને લીધે ઝડપી ગ્રાહક સેવા તથા ત્વરીત ખાત્રી તપાસણી શક્ય થઈ છે.

**(૩) આયાતી ટેકનોલોજી/નાણાકીય વર્ષની શરૂઆતથી ગણતા છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન આયાત કરેલી હતી. કિસ્સામાં નીચેની માહિતી પૂરી પાડવામાં આવે છે.**

લાગુ પડતુ નથી

બોર્ડ વતી,

તારીખ : ૨૦મી ડીસેમ્બર, ૨૦૦૮

સ્થળ : અમદાવાદ

ગુરૂપ્રસાદ મહાપાત્ર, આઈએએસ

અધ્યક્ષ

પી. સીઘવી એન્ડ એસોસીએટ્સ કંપની
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

૨૧૦, યુનિવર્સિટી પ્લાઝા,
વિજય ચાર રસ્તા, નવરંગપુરા,
અમદાવાદ–૩૮૦ ૦૦૯
ટેલીફેક્સ (ઓ) : ૨૭૯૧૩૮૮૪
(ઘર) : ૨૬૮૫૯૫૧૩

## ઓડિટરનો અહેવાલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડના સભ્યો જોગ,

૧. અમે ૩૧મી માર્ચ, ૨૦૦૮ની સ્થિતિ મુજબનું ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડનું આ સાથે જોડેલું સરવૈયુ તથા તે તારીખે પુરા થતા વર્ષ માટેનું કંપનીનું નફા અને નુકશાન ખાતું ઓડિટ કર્યું છે. આ નાણાકીય પત્રકો કંપનીના સંચાલનની જવાબદારી છે. અમારી જવાબદારી અમારા ઓડિટના આધારે આ નાણાકીય નિવેદનો પર અભિપ્રાય જણાવવાની છે.

૨. અમે ભારતમાં સામાન્ય સ્વીકૃત ઓડિટીંગના ધોરણો અનુસાર અમારી ઓડિટ કામગીરી કરેલ છે. આ ધોરણોથી એવું ફરમાવવામાં આવ્યું છે કે આ નાણાંકીય નિવેદનો મહત્વના હોય તેવા ખોટા નિવેદનોથી મુક્ત છે કે કેમ તે અંગે વ્યાજબી ખાતરી મેળવવાના હેતુથી અમે ઓડિટનું આયોજન કરીને તે પ્રમાણે કામગીરી બજાવેલ છે. ઓડિટમાં ચકાસણીના આધારે, નાણાંકીય પત્રકોમાં રકમોને અને માહિતી પ્રગટ કરવાને સમર્થન આપતા પુરાવાની ચકાસણી કરવાનો સમાવેશ થાય છે. આ ઓડિટમાં ઉપયોગમાં લેવાતા હિસાબી સિદ્ધાંતો એ મેનેજમેન્ટે કરેલા મહત્વનાં અંદાજો તેમજ સમગ્ર નાણાંકીય પત્રકોની રજુઆતના મૂલ્યાંકનનો સમાવેશ થાય છે. અમે માનીએ છીએ કે અમારા ઓડિટથી અમારા અભિપ્રાયને વ્યાજબી આધાર મળે છે.

૩. વીજ ધારો ૨૦૦૩ને કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૬૧૬(સી) સાથે વંચાણમાં લેતા કંપની તે હેઠળ અમલમાં આવી, જેનો જોગવાઈ મુજબ, વીજ ધારો જેવા વિશેષ ધારા કંપની ધારાની જોગવાઈઓ પૂરતાં મર્યાદિત રીતે લાગુ પડશે, જ્યાં બને ધારાઓની જોગવાઈઓ વિરોધી છે, સુસંગત નથી. તે મુજબ કંપનીના ૨૦૦૭–૦૮ના નાણાકીય પત્રકો તૈયાર/પૂર્ણ કરી રજૂ કરવામાં આવ્યા છે.

૪. કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૨૭ની પેટા કલમ (૪એ) અનુસાર કેન્દ્ર સરકારે બહાર પાડેલા કંપની (ઓડિટરના અહેવાલ) હુકમ, ૨૦૦૩થી ફરમાવ્યા મુજબ અમે સદરહુ હુકમના ફકરા ૪ અને ૫ માં જણાવેલી બાબત પર આ સાથે જોડેલા પરિશિષ્ટમાં પત્રક જોડેલ છે.

૫. અમે નીચેની બાબતો પર ધ્યાન દોરીએ છીએ : (સિવાય કે તેનો કોઈ ઉલ્લેખ થયો હોય, હિસાબોની હિસ્સારૂપ તેના પરની નોંધ – અનુસુચિ–૨૭માં જણાવ્યા મુજબ)

(અ) નોંધ ક્રમાંક–૧ : શેરમૂડી – ઉપલક ખાતું

(બ) નોંધ ક્રમાંક–૨ : જીયુવિએનએલ દ્વારા અસ્કયામતો પર સિક્યુરીટી ચાર્જ બાબત

(ક) નોંધ ક્રમાંક–૪ : સ્થાયી અસ્કયામતો પરનો કાયદેસરના માલિકી હક્ક બાબત

(ડ) નોંધ ક્રમાંક–૭ : લેણદાર/દેણદારો – માલસામાન અને લેણદારો કરેલ ખર્ચ માટે – અનુમોદનને સાધેલ.

(ઇ) નોંધ ક્રમાંક–૧૭ : લઘુ ઉદ્યોગના બાકી લેણાં નહિ દર્શાવવા બાબત.

૬. ઉપરોક્ત ફકરા —૪માં ઉલ્લેખોના પરિશિષ્ટમાં અમારી ટિપ્પણીના અનુસંધાનમાં અમે અહેવાલ આપીએ છીએ કે :

(૧) અમે આ સાથે તમામ માહિતી અને ખુલાસા મેળવેલ છે, જે અમારા ઓડિટના હેતુ માટે અમારી ઉત્તમ જાણકારી અને માન્યતા અનુસાર જરૂરી હતા.

(૨) અમારા અભિપ્રાય મુજબ, કંપનીએ આ ચોપડાની અમે કરેલી તપાસણીને સંબંધ છે, ત્યાં સુધી કંપનીએ કાયદાથી ફરમાવ્યા મુજબના યોગ્ય હિસાબોના ચોપડા રાખેલ છે.

(૩) આ રિપોર્ટ સાથે સંબંધ ધરાવતું સરવૈયાપત્રક અને નફા અને નુકશાન ખાતું કંપનીનાં હિસાબોના ચોપડા સાથે સુસંગત છે.

(૪) અમારા અભિપ્રાય મુજબ આ રિપોર્ટ સંબંધી સરવૈયા પત્રક અને નફા અને નુકશાન ખાતુ કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૧૧ની પેટા કલમ (૩ક)માં ઉલ્લેખેલા હિસાબી ધોરણો અનુસાર છે.

(૫) કેન્દ્ર સરકારશ્રીએ નક્કી કરેલ જાહેરનામામાં ક્રમાંક જીએસઆર—૮૨૯ (E) તા. ૨૧/૧૦/૨૦૦૩ને ધ્યાનમાં લેતાં કંપની — કંપની ધારા, ૧૯૫૬ની કલમ ૬૧૭ હેઠળ સ્થપાયેલ સરકારી કંપની છે. તેથી કંપની ધારાની કલમ ૨૭૪ની પેટા કલમ (૧)ની કલમ (જી) સરકારી કંપનીને લાગુ પડતી નથી.

ઉપરોક્ત બાબતોને બાદ કરતાં અને અનુસૂચિ ૨૬ અને હિસાબોની નોંધની અનુસૂચિ ૨૭ ધ્યાનમાં લેતાં અમારા અભિપ્રાય અને અમારી ઉત્તમ માહિતી મુજબ અને અમને આપેલી સ્પષ્ટતા મુજબ, નોંધ સહિતનાં નાણાંકીય પત્રકો ૬૫ની અધિનિયમ ૧૯૫૬માં ફરમાવ્યા મુજબની માહિતી ઠરાવેલી રીતે તેમજ ભારતમાં સામાન્ય રીતે સ્વીકૃત હીસાબી સિદ્ધાંતોને સુસંગત રહીને :

(૧) તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૮ની સ્થિતિ મુજબ કંપનીના કામકાજની સ્થિતિના સરવૈયાના કિસ્સામાં, અને

(૨) તે તારીખે પુરા થતાં વર્ષ માટે કંપનીના નફા અને નુકશાન ખાતાના કિસ્સામાં સાચો અને વ્યાજબી અભિપ્રાય દર્શાવે છે.

(૩) તે તારીખે પુરા થતાં વર્ષ માટે કંપનીના નાણાં પ્રવાહના કિસ્સામાં સાચો અને વ્યાજબી અભિપ્રાય દર્શાવે છે :

**પી. સીંઘવી એન્ડ એસોસીએટ્સ**
**ચાર્ટડ એકાઉન્ટન્ટ્સ**

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૦મી ડીસેમ્બર, ૨૦૦૮

**પ્રવિણ સીંઘવી**
ભાગીદાર
મેમ્બરશીપ નં. ૦૭૧૬૦૮

ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડની તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૮ના રોજ પૂરી થતી મુદત માટેના હિસાબો પર અમારા આજ તારીખના અહેવાલના ફકરા – ४માં ઉલ્લેખેલું પરિશિષ્ટ:

૧. (અ) કંપનીએ પરિમાણાત્મક વિગતો અને સ્થાયી અસ્કાયમતોની સંપૂર્ણ વિગતો દર્શાવતું યોગ્ય રેકર્ડ સામાન્યતઃ નિભાવેલ છે.

(બ) વર્ષ દરમ્યાન તમામ અસ્કાયમતોની જાત ખરાઈ થઈ નથી પરંતુ ખરાઈના નિયમિત કાર્યક્રમ થયા છે. જે અમારા અભિપ્રાય મુજબ કંપનીના કદ અને તેની અસ્કાયમતોને ધ્યાનમાં લેતા વ્યાજબી છે. આવી ખરાઈ થયેલ છે, જેમાં મહત્વની કોઈ વિસંગતતા ધ્યાનમાં આવેલ નથી.

(ક) સ્થાયી અસ્કાયમતોના મહત્વના કોઈ ભાગનો વર્ષ દરમ્યાન નિકાલ કરવામાં આવેલ નથી.

૨. (અ) મેનેજમેન્ટ દ્વારા સાધન સામગ્રી જથ્થાની ખરાઈ વર્ષમાં માત્ર એક જ વાર કરેલ છે.

(બ) મેનેજમેન્ટ દ્વારા સાધન સામગ્રી જથ્થાની જાત ખરાઈ કાર્યવાહી કંપનીના કદ અને તેના ધંધાના પ્રકારના સંબંધમાં વાજબી અને પુરતી જણાય છે.

(ક) કંપની માલસામાન જથ્થાનો યોગ્ય રેકર્ડ નિભાવે છે, જ્યારે સાધનસામગ્રી હિસાબોની વિગતો ચોપડા સાથે યોગ્ય રીતે સંબંધ ધરાવે છે.

૩. (અ) કંપનીએ કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩૦૧ હેઠળ નિભાવતા રજીસ્ટરમાં આવરી લેવાયેલી કોઈ કંપનીને, પેઢીને અથવા બીજા કોઈ પક્ષકારને તારણવાળી કે તારણ વગરની કોઈ લોન આપેલ નથી.

ઉપરનાં ખંડ ૩ (અ) ને ધ્યાનમાં લેતા ખંડ ૩(બ), ૩(ક) અને ૩(ડ) લાગુ પડતા નથી.

(બ) કંપનીએ કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩૦૧ હેઠળ નિભાવતા રજીસ્ટરમાં આવરી લેવાયેલી કોઈ કંપનીને, પેઢીને અથવા બીજા કોઈ પક્ષકાર પાસેથી તારણવાળી કે તારણ વગરની કોઈ લોન લીધેલી નથી.

ઉપરના ખંડ ૩(ઈ) ધ્યાનમાં લેતા ખંડો ૩(એફ) અને ૩(જી) લાગુ પડતા નથી.

૪. અમારા અભિપ્રાય અને અમને આપવામાં આવેલી માહિતી અને ખુલાસાઓ મુજબ માગયાદીની અને સ્થાયી અસ્કયામતોની ખરીદી અને માલ તેમજ સેવાઓના વેચાણ માટે પોતાના ધંધાના પ્રકાર અને કદના સપ્રમાણમાં પૂરતી આંતરીક નિયંત્રણ પદ્ધતિ છે. અમારા ઓડિટ દરમ્યાન આંતરીક નિયંત્રણ પ્રથામાં કોઈ મહત્વની ખામી સુધારવા માટે કોઈ સતત નિષ્ફળતા અમારા ધ્યાનમાં આવેલ નથી.

૫. (અ) ઓડિટ હેઠળના વર્ષ દરમ્યાન અમને આપેલી માહિતી અને ખુલાસા મુજબ કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩૦૧ હેઠળ નિભાવતા રજીસ્ટરમાં નોંધવા પડે તેવો કોઈ કરાર અથવા ગોઠવણ કરવામાં આવેલ નથી.

(બ) ઉપરના ખંડ (૫) (અ) ને ધ્યાનમાં લેતા ખંડ ૪(બ) લાગુ પડતા નથી.

૬. અમને આપવામાં આવેલી માહિતી અને ખુલાસા મુજબ કંપનીએ કોઈ જાહેર થાપણો સ્વીકારી નથી અને તેથી કલમો ૫૮–એ અને ૫૮–એએ જોગવાઈઓ આ કંપનીને લાગુ પડતી નથી.

૭. અમારા અભિપ્રાયો મુજબ, કંપની પોતાના કદ અને કામકાજના પ્રકારનાં પ્રમાણમાં આંતરિક ઓડિટ પ્રથા ધરાવે છે.

૮. કેન્દ્ર સરકારે કંપની અધિનિયમની કલમ ૨૦૯ ની પેટા કલમ (૧) ના ખંડ (ડ) હેઠળ ખર્ચના રેકર્ડનો નિભાવ અને જાળવણી કરાવેલ છે, જેના માટે કંપની એ કોસ્ટ ઓડિટરની નિમણૂંક કરેલ છે.

૯. (અ) પ્રોવિડન્ટ ફંડ, આવક વેરા, વેચાણ વેરા, સંપત્તિ વેરા, કસ્ટમ ડ્યુટી ઉપકર સહિતનાં બીન તકરારી વૈધાનિક ચુકવણા અને અન્ય વૈધાનિક ચૂકવણા સામાન્ય રીતે સમુચિત સત્તા મંડળોમાં નિયમિત રીતે જમા કરાવવામાં આવેલ છે અને કંપનીએ વર્ષનો છ માસથી ચુકવવા પાત્ર કોઈ રકમ બાકી હોય એવી કોઈ બાકી નથી.

(બ) અમને આપેલી માહિતી અને ખુલાસા મુજબ વાંધાજનક હોય તેવા કોઈ ચૂકવણા બાકી નથી.

૧૦. ૩૧મી માર્ચ, ૨૦૦૮ના રોજ કંપની કોઈ પણ પ્રકારની સંચિત ખોટ ધરાવતી નથી. ઓડીટના નાણાકીય વર્ષ અથવા તેના તરત જ અગાઉના વર્ષ દરમિયાન કંપનીએ કોઈ પણ પ્રકારની રોકડ ખોટ પણ વેઠેલ નથી.

૧૧. અમને આપવામાં આવેલી માહિતી અને ખુલાસા મુજબ નાણાકીય સંસ્થાઓ, બેન્ક અથવા ડિબેન્ચર હોલ્ડરોને બાકી લેણાંની પરત ચુકવણી ઉત્તર ગુજરાત વીજ કંપની વતી ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ દ્વારા કરવામાં આવે છે.

૧૨. અમને આપવામાં આવેલી માહિતી અને ખુલાસા મુજબ, કંપનીએ શેરો, ડિબેન્ચરો અને અન્ય જામીનગીરીઓના ગીરોના રૂપમાં જામીનગીરીના આધારે કોઈ લોન અને પેશગીઓ આપી નથી.

૧૩. કંપની પોતે ચીટફંડ અથવા નિધિ/મ્યુચ્યુઅલ બેનીફીટ ફંડ/મંડળી નથી. તેથી કંપની (ઓડિટરના અહેવાલ) હુકમ, ૨૦૦૩ ના ખંડ ૪ (૧૩) ની જોગવાઈઓ આ કંપનીને લાગુ પડતી નથી.

૧૪. અમારા અભિપ્રાય અને અમોને આપવામાં આવેલી માહિતી અને ખુલાસા મુજબ કંપની શેર જામીનગીરી, ડિબેન્ચર અને અન્ય રોકાણમાં વ્યવહાર અથવા ખરીદ વેચાણ કરતી નથી. તદનુસાર કંપની (ઓડિટરના અહેવાલ) હુકમ, ૨૦૦૩ના ખંડ ૪(૧૪)ની જોગવાઈઓ આ કંપનીને લાગુ પડતી નથી.

૧૫. કંપનીએ બેન્ક અથવા નાણાંકીય સંસ્થા તરફથી બીજાઓએ લીધેલી લોન બદલ કોઈ બાંયેધરી આપેલ નથી.

૧૬. અમારા અભિપ્રાય મુજબ, જે હેતુ માટે મુદતી લોનો ઉભી કરવામાં આવી હતી તે હેતુ માટે ઉપયોગ કરવામાં આવેલ છે.

૧૭. અમને આપવામાં આવેલી માહિતી અને ખુલાસા મુજબ અને કંપનીના સરવૈયાની સમગ્ર ચકાસણી કર્યેથી, અમે રિપોર્ટ આપીએ છીએ કે, ટૂંકી મુદતના ધિરાણો ઉભા કરવામાં આવેલા ફંડનો લાંબી મુદતના રોકાણો માટે ઉપયોગ કરવામાં આવેલ નથી.

૧૮. અમને આપવામાં આવેલી માહિતી અને ખુલાસા મુજબ કંપનીએ વર્ષ દરમ્યાન અધિનિયમની કલમ ૩૦૧ હેઠળ નિભાવતા રજીસ્ટરમાં આવરી લીધેલા પક્ષકારો અને કંપનીઓને શેરોની અગ્રાધિકાર ફાળવણી કરેલ નથી.

૧૯. અમને આપવામાં આવેલી માહિતી અને ખુલાસા મુજબ, ઓડીટના વર્ષ દરમિયાન કોઈ પણ પ્રકારના ડિબેન્ચર બહાર પાડવામાં આવ્યા નથી.

૨૦. અમને આપવામાં આવેલી માહિતી અને ખુલાસા મુજબ ઓડીટના વર્ષ દરમિયાન કંપનીએ કોઈ જાહેર ભરણું કરેલ નથી.

૨૧. અમને આપવામાં આવેલી માહિતી અને ખુલાસા મુજબ ઓડીટના વર્ષ દરમિયાન કંપની ઉપર અથવા કંપનીએ કોઈ છેતરપીંડી કર્યાનું અમારા ઓડિટ દરમ્યાન ધ્યાનમાં આવ્યું નથી અથવા જણાયું નથી.

**પી. સીંઘવી એન્ડ એસોસીએટ્સ**
**ચાર્ટડ એકાઉન્ટન્ટ્સ**

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૦મી ડીસેમ્બર, ૨૦૦૮

**પ્રવિણ સીંઘવી**
ભાગીદાર
મેમ્બરશીપ નં. ૦૭૧૬૦૮

કમ્પ્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલ ઓફ ઈન્ડિયાના પત્રક્રમાંક સીએડી/એકાઉન્ટ્સ/યુજીવીસીએલ/૦૭-૦૮/૩૨૨૩ તા. ૨૦મી માર્ચ, ૨૦૦૯

**૩૧મી માર્ચ, ૨૦૦૮ ના રોજ પૂરા થતાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમીટેડના વાર્ષિક હિસાબો પરની કંપની ધારા, ૧૯૫૬ની કલમ ૬૧૯(૪) અન્વયે કમ્પ્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલ ઓફ ઈન્ડિયાની ટીપ્પણીઓ અને તેનો સંચાલક મંડળનો પ્રત્યુત્તર.**

કંપની ધારા, ૧૯૫૬ની જોગવાઈ અનુસાર ઉત્તર ગુજરાત વીજ કંપનીના ૩૧મી માર્ચ, ૨૦૦૮ ના રોજ પૂરા થતાં વર્ષના વાર્ષિક હિસાબો તેના નાણાંકીય પરિસ્થિતિનું નિર્દેશન કરતાં ધારા ધોરણ મુજબ અહેવાલો સહ તૈયાર કરવા એ કંપની સંચાલક મંડળની જવાબદારી છે. કંપની ધારા, ૧૯૫૬ની કલમ ૬૧૯(૨)ની રૂએ સીએન્ડએજીએ નિયુક્ત કરેલ વૈધાનિક ઓડીટરોએ કંપની ધારા, ૧૯૫૬ની કલમ ૨૨૭ મુજબ રજૂ કરેલા નાણાંકીય પત્રકો/હિસાબો સ્વતંત્ર રીતે પોતાના વિષયમાં પારંગત વ્યક્તિઓ દ્વારા ચકાસણી કરી ઓડીટીંગ અને એકાઉન્ટીંગના ધારા-ધોરણ મુજબ અભિપ્રાય આપવો એ તેમની જવાબદારી છે, જે તેઓએ તારીખ ૨૦મી ડિસેમ્બર, ૨૦૦૮ના ઓડીટ અહેવાલમાં જણાવ્યા મુજબ કર્યું છે.

સીએન્ડએજી વતી મેં કંપની ધારા, ૧૯૫૬ની કલમ ૬૧૯(૩) મુજબ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમીટેડ, મહેસાણાના ૩૧મી માર્ચ ૨૦૦૮ના રોજ પૂરા થતાં હિસાબોનું પૂરક ઓડીટ કર્યું છે. આ પૂરક ઓડીટ વૈધાનિક ઓડીટરોનાં રેકર્ડના આધારનો સ્વતંત્ર રીતે અને તેમની અને કંપનીના અધિકારીઓની સદર બાબતોમાં પૂછ-પરછ તેમજ કંપનીના હિસાબોના રેકર્ડનું નિરીક્ષણને આધારે કર્યું છે. કંપની ધારા, ૧૯૫૬ની કલમ ૬૧૯(૪)ની જોગવાઈઓ અનુસાર હું કેટલીક મહત્ત્વની નીચે જણાવેલ બાબતો ઉપર ધ્યાન દોરૂ છું, જે મારા ધ્યાન પર આવી છે અને તે મારા મતે કંપનીના નાણાંકીય હિસાબો અને ઓડીટ અહેવાલ સારી રીતે સમજવામાં ઘણો આવશ્યક છે.

| ટીપ્પણીઓ | સંચાલક મંડળનો પ્રત્યુત્તર |
|---|---|
| **અ. નફાકારકતા વિશે ટીપ્પણીઓ**<br>**નફા નુકસાન ખાતુ**<br>**૧. આવક**<br>**અન્ય આવક (પરિશિષ્ટ - ૧૬)**<br>**ડુબેલા અને શંકાસ્પદ માંડી વાળેલ દેવાની જોગવાઈ પરત રૂા. ૭૭.૬૧ કરોડ**<br>**(પરિશિષ્ટ ૨૭ની નોંધ ૧૩ મુજબ)** | |
| હાલની કંપનીની પ્રેક્ટીસ મુજબ કાયમી સ્વરૂપે બંધ કરેલ ગ્રાહકોના નિયુક્ત જોડાણોના ૧૦૦% અને ૩૦ દિવસથી વધુ સમયના બીજા આંતરરાજ્ય વીજ વેચાણના દેવાદારો અને પરચુરણ અન્ય દેવાદારો માટે ૫૦% ના દરે ડુબેલા નાણાંની જોગવાઈની નીતિ સ્વીકારી છે. વર્ષ દરમિયાન કંપનીએ નીતિ બદલી છે અને પ્રત્યેક કિસ્સામાં હાલની બદલાયેલી આર્થિક પરિસ્થિતિનાં આધારે ડુબેલા અને શંકાસ્પદ દેવા અંગે જોગવાઈ | સીએન્ડએજીની ટીપ્પણીમાં જણાવ્યા મુજબ એ કંપનીની હિસાબી નીતિ નથી તેમજ ડુબેલા નાણાં અંગેની જોગવાઈ કરવાની પ્રેક્ટીસ / પદ્ધતિ નથી. એ માત્ર કંપનીના અલગ અલગ હિસાબી એકમોનાં ડુબેલા અને શંકાસ્પદ નાણાંની ઉઘડતી સિલકની સરકારશ્રીએ તેઓના જાહેરનામાં ક્રમાંક જીએચયુ-૨૦૦૬-૯૧-જીયુવી-૧૧૦૬-૫૯૦-કે તા. ૩જી ઓક્ટોબર, ૨૦૦૬ મુજબની આપેલ સિલક સાથે મેળવવા ઓછા-વત્તા પ્રમાણમાં કરેલ ગોઠવણ, |

| | |
|---|---|
| કરી છે, જેને લીધે કંપનીએ રૂા. ૭૭.૬૧ કરોડની માંડવાળ પરત હાલની જોગવાઈ માંથી કરી છે. નીતિ બદલાથી અને તેની નાણાંકીય અહેવાલ પરની અસરો તેમજ ચાલુ વર્ષ માટે જોગવાઈ નહિ કરી હોવા અંગેની નોંધ ચાલુ વર્ષના હિસાબો પરની નોંધમાં દર્શાવેલ નથી. | નાણાંકીય પુનર્ગઠન યોજનામાં સરકારશ્રીએ પૂર્વ જીઈબી માટે મંજૂર કરેલ ભાગરૂપે છે.<br><br>જીઈબીના પરીપત્ર ક્રમાંક એકાઉન્ટ્સ/બ્રાંચ/બીએડી/ડેબ્ટ્સ-૯૯૩ તા. ૦૮-૦૪-૨૦૦૩ મુજબ જેમાં ઊંચા દબાણવાળા ગ્રાહકોની દરેક હિસ્સા મુજબ સમિક્ષા કરવા જણાવ્યા મુજબ, ડુબેલા અને શંકાસ્પદ દેવાની જોગવાઈ હાલના નિયમો અને પ્રેક્ટિસ અપનાવીને જ જે તે જોગવાઈ કરી છે. હાલની દેવાદારોની નાણાંની પરિસ્થિતિ, લીગલ કેસોની હાલની સ્થિતિ અને સુધરેલ આર્થિક પરિસ્થિતિ ધ્યાનમાં લઈને દરેક કિસ્સામાં તા. ૩૧-૦૩-૨૦૦૮ રોજની સમિક્ષા કરી છે અને તે બધુ ધ્યાનમાં લેતા ચાલુ વર્ષમાં વધારાની ડૂબેલા અને શંકાસ્પદ દેવાંની માંડવાળની જોગવાઈ પરત કરી છે જેથી એમાં કોઈ હિસાબી નીતિમાં ફેરફાર કરેલ નથી. પરિશિષ્ટ-૨૭ની નોંધ ક્રમાંક ૧૩માં કંપનીએ હિસાબી નીતિ જેમાં વિશ્વસનીય અંદાજોના આધારે જોગવાઈઓ કરવામાં આવેલ છે તેમ જણાવ્યું છે.<br><br>હિસાબી ધોરણ-૫ની કલમ ૧૨ અને ૧૪(ગ) મુજબ સામાન્ય પ્રવૃત્તિઓના સંજોગોને આધારે બીજી જોગવાઈઓ પરત કરેલ છે જેના માટે કંપનીએ અલગથી નોંધમાં દર્શાવેલ છે.<br><br>એવી રીતે કંપનીએ હિસાબી ધોરણ-૫, તેની સત્ય વિગતો અને નાણાંકીય પત્રકો પરની અસરો અંગે હિસાબો પરની નોંધમાં જણાવેલ છે.<br><br>હિસાબી નીતિમાં કોઈ ફેરફાર થયેલ ન હોવાને કારણે જો અગાઉની નીતિ અપનાવવાથી પડનારી અસરો અંગે કોઈ નોંધ / ખુલાસો કરવાની જરૂર રહેતી નથી. |

| | |
|---|---|
| બ. નાણાંકીય પરિસ્થિતિ<br>સરવૈયુ<br>૨. બીજી ચાલુ અસ્કયામતો (પરિશિષ્ટ ૧૨)<br>થાપણો રૂા. ૨૫.૪૫ કરોડ | |
| વિક્રેતાઓ પાસેથી મળેલ સિક્યુરીટી ડિપોઝીટ ઈએમડી અને વોરંટી સામેની બેંક ગેરંટીની અયોગ્ય ગોઠવણને લીધે ઉપરોક્ત રકમ રૂા. ૨૩.૩૬ કરોડથી વધુ દર્શાવેલ છે જેને લીધે ચાલુ જવાબદારીઓ અને જોગવાઈઓ પણ રૂા. ૨૩.૩૬ કરોડથી વધુ દર્શાવેલ છે. | જરૂરી હવાલો (જે. વી.) વર્ષ ૨૦૦૮-૦૯ના વાર્ષિક હિસાબોમાં પાડવામાં આવેલ છે. |
| ક. નોંધ<br>૩. મહત્ત્વની હિસાબી નીતિઓ<br>(પરિશિષ્ટ-૨૬) | |
| નબળી અસ્કયામતો અંગેની નોંધ ૧૧ મુજબ, દરેક સરવૈયાના તારીખે નબળી અસ્કયામતો અંગે ધ્યાન આપવામાં આવેલ છે. હિસાબી ધોરણ-૬ મુજબ કંપનીએ દરેક સરવૈયાના તારીખે અંદાજ કાઢવો જરૂરી છે, કે કોઈ નબળી અસ્કયામતો છે કે કેમ ? અને એવી કોઈ અસ્કયામતો હોય તો, તેની પુર્તતા કરવા અંદાજ કાઢવો જોઈએ.<br><br>છતાં કંપનીએ તેની સમિક્ષા/અંદાજ કાઢવા કોઈ અહેવાલ હિસાબો ધોરણ-૨૮ મુજબ તૈયાર કરેલ નથી. તેથી તેની અયોગ્ય રજુઆત થઈ શકે છે અને તે હિસાબી ધોરણ-૨૮ની પૂર્તતા કરતું નથી. | કંપનીની વિભાગીય અને વર્તુળ કચેરીઓ આવક મેળવતાં એકમો છે. હિસાબી ધોરણ-૨૮ મુજબ કંપનીએ નબળી અસ્કયામતોની સમિક્ષા/અંદાજો-આકારણી કરી છે અને વર્ષ ૨૦૦૭-૦૮ માટે તેની એવી કોઈ અસ્કયામતો જાણવામાં આવી નથી.<br><br>જેથી હિસાબી ધોરણ-૨૮ મુજબ આ બાબતમાં કોઈ ખુલાસો કરવા યોગ્ય કારણ નથી.<br><br>ભવિષ્યમાં આવી કોઈ અસ્કયામતો હોય તો તેની વિગતવાર વિગતો મેળવીને તે ઓડીટને જાણ સારૂ રજૂ કરવામાં આવશે. |
| ડ. અન્ય<br>૪. વર્ષ ૨૦૦૬-૦૭નો છપાયેલ વાર્ષિક અહેવાલ કંપની ધારા, ૧૯૫૬ની કલમ ૬૧૯(૪) હેઠળ કમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલની ટીપ્પણીઓ<br><br>(અ) ટીપ્પણી-અ<br>રિઝર્વ અને સરપ્લસ (પરિશિષ્ટ-૨) | |
| ઉપરોક્ત ટીપ્પણીઓમાં નાણાંકીય પુનર્ગઠન યોજના (એફઆરપી)માં (હિસાબી સદર ૫૫.૫૦૮) રૂા. ૨૨.૫૬ કરોડની રકમ છ, જે ભૂલથી રૂા. ૨૨.૫૬ લાખ તરીકે વાર્ષિક હિસાબોમાં છપાયેલ છે. | આ બાબતની નોંધ લેવામાં આવી છે અને વર્ષ ૨૦૦૭-૦૯ના વાર્ષિક હિસાબો છાપતી વખતે તેની યોગ્ય કાળજી લેવામાં આવશે. |

| | |
|---|---|
| (બ) ટીપ્પણી-બ. નાણાં પ્રવાહ પત્રક<br>કંપની ધારા, ૧૯૫૬ની કલમ ૬૧૯(૪) હેઠળ. હિસાબી ધોરણ-૩ મુજબ ગત વર્ષનું નાણા પ્રવાહ પત્રક બનાવવામાં જણાયેલ ક્ષતિઓ અને હિસાબી ધોરણ-૩ની અપૂર્તતા અંગેની ટીપ્પણીઓ આપવામાં આવી હતી જે કંપની ધારાની કલમ ૬૧૯(૫) મુજબ વાર્ષિક સાધારણ સભામાં રજૂ કરવી આવશ્યક છે. છતાં કંપનીએ નાણાં પ્રવાહ પત્રક સુધારીને તે ૨૦૦૬-૦૭માં વાર્ષિક હિસાબોમાં છપાવેલ છે. | આ અંગેની નોંધ લેવામાં આવી છે અને વર્ષ ૨૦૦૭-૦૮ના વાર્ષિક હિસાબો છાપતી વખતે તે અંગેની કાળજી લેવામાં આવશે. |
| (ક) વૈધાનિક ઓડિટરના રિપોર્ટ અનુસાર કંપની ધારા, ૧૯૫૬ની કલમ ૬૧૯(૫) મુજબ કમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલ ટીપ્પણીઓ વાર્ષિક સાધારણ સભામાં રજૂ થવી જોઈએ. છતાં વર્ષ ૨૦૦૬-૦૭ની સીએન્ડએજીની ટીપ્પણીઓ વાર્ષિક હિસાબોમાં તે ડિરેક્ટરના અહેવાલના બિડાણ તરીકે છાપવામાં આવેલ છે. | સદર બાબતની નોંધ લેવામાં આવી છે અને તે અંગે વર્ષ ૨૦૦૭-૦૮ના વાર્ષિક હિસાબો છાપતી વખતે યોગ્ય કાળજી લેવામાં આવશે. |

કમ્પ્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલ ઓફ ઈન્ડિયા
વતી,

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૦-૦૩-૦૯

(નિરંજન પંત)
મુખ્ય એકાઉન્ટન્ટ જનરલ

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ
વતી,

સ્થળ : વડોદરા
તારીખ : ૩૧-૦૩-૦૯

(ગુરૂપ્રસાદ મહાપાત્ર, આઈ.એ.એસ.)
અધ્યક્ષ

## તા. ૩૧મી માર્ચ, ૨૦૦૮ની સ્થિતિ મુજબનું સરવૈયું

(રૂા. લાખમાં)

| વિગતો | અનુસૂચિ | | તા. ૩૧/૦૩/૦૮ની સ્થિતિ મુજબ | તા. ૩૧/૦૩/૦૭ની સ્થિતિ મુજબ |
|---|---|---|---|---|
| ફંડના સ્ત્રોત | | | | |
| શેરહોલ્ડરના ફંડ | | | | |
| શેરમૂડી | ૧ | ૫.૦૧ | | ૫.૦૧ |
| શેરમૂડી ઉલક ખાતુ | ૧(અ) | ૪૪,૩૫૮.૫૯ | | ૪૪,૩૫૮.૫૯ |
| અનામત અને ફાજલ | ૨ | ૨૬.૯૬૪.૨૩ | | ૨૩,૮૮૭.૫૦ |
| | | | ૭૧,૩૨૭.૮૩ | ૬૮,૨૫૧.૧૦ |
| લોન ફંડ | | | | |
| તારણવાળી લોન | ૩ | | ૯,૮૪૫.૬૩ | ૨,૬૫૪.૦૭ |
| બિનતારણવાળી લોન | ૪ | | ૭૯,૭૫૩.૩૭ | ૮૨,૨૩૨.૫૧ |
| વિલંબીત વેરા જવાબદારી | | | ૦.૦૦ | ૦.૦૦ |
| | | કુલ | ૧,૬૦,૯૨૬.૮૩ | ૧,૫૩,૧૩૭.૬૮ |
| ફંડનો ઉપયોગ | | | | |
| **સ્થાયી અસ્કયામતો** | ૫ | | | |
| એકંદર જથ્થો | | ૨,૦૪,૩૩૫.૦૧ | | ૧,૭૯,૮૯૬.૩૧ |
| બાદ : સંચિત ઘસારો | | ૪૩,૬૩૪.૪૧ | | ૩૪,૭૧૫.૨૭ |
| (એ) | | ૧,૬૦,૭૦૦.૬૦ | | ૧,૪૫,૧૮૧.૦૪ |
| વત્તા : બિન વપરાશી અસ્કયામતો | ૬ | ૧૦૦.૮૩ | | ૧૧.૭૧ |
| પ્રગતિમાં હોય તેવા મૂડીકામ | ૭ | ૧૦૨૦.૫૭ | | ૬૫૩.૬૩ |
| (બી) | | ૧૧૨૧.૪૦ | | ૬૬૫.૩૪ |
| ચોખ્ખી સ્થાયી અસ્કયામતો (એ + બી) | | | ૧,૬૧,૮૨૨ ૦૦ | ૧,૪૫,૮૪૬.૩૮ |
| વિલંબીત વેરા જવાબદારી | | | ૦.૦૦ | ૦.૦૦ |
| **ચાલુ અસ્કયામતો, લોન અને પેશગીઓ** | | | | |
| માલધાદી, સ્ટોર્સ અને સ્પેર્સ | ૮ | ૧૭,૪૭૧.૨૩ | | ૧૦,૩૨૯.૬૨ |
| છૂટક દેણદારો | ૯ | ૪૩,૧૭૭.૧૬ | | ૩૫,૫૧૬.૮૯ |
| રોકડ અને બેંક સિલક | ૧૦ | ૩,૨૪૮.૦૮ | | ૨,૫૪૭.૨૨ |
| લોન અને પેશગીઓ | ૧૧ | ૧,૪૫૨.૫૩ | | ૯૦૮.૧૧ |
| અન્ય ચાલુ અસ્કયામતો | ૧૨ | ૨૪,૩૯૩.૭૬ | | ૩૬,૧૮૧.૭૧ |
| (એ) | | ૮૯,૭૪૨.૭૬ | | ૮૫,૪૮૩.૫૫ |
| બાદ : ચાલુ જવાબદારીઓ | | | | |
| ચાલુ જવાબદારીઓ અને જોગવાઈઓ | ૧૩ | ૪૪,૩૧૪.૪૯ | | ૩૯,૫૬૭.૬૦ |
| જામીનગીરી થાપણો | | ૪૬,૩૨૩.૪૪ | | ૩૮,૬૨૪.૬૫ |
| (બી) | | ૯૦,૬૩૭.૯૩ | | ૭૮,૧૯૨.૨૫ |
| ચોખ્ખી ચાલુ અસ્કયામતો (એ – બી) | | | (૮૯૫.૧૭) | ૭,૨૯૧.૩૦ |
| પરચૂરણ / વિલંબિત મહેસૂલી ખર્ચ | | | ૦.૦૦ | ૦.૦૦ |
| (માંડવાળ અથવા સરભર ન કર્યું હોય તેટલા પ્રમાણમાં) | | | | ૦.૦૦ |
| | | કુલ | ૧,૬૦,૯૨૬.૮૩ | ૧,૫૩,૧૩૭.૬૮ |
| મહત્વની હિસાબી નીતિઓ અને હિસાબો પરની નોંધો. | ૨૬ | | | |

અમારા આ જ તારીખના સાથે જોડેલા અહેવાલ મુજબ. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી

પી. સીંઘવી એન્ડ એસોસીએટ્સ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્
પ્રવિણ સીંઘવી
સ., ક. ૦૭૧૬૦૮

ગુરૂપ્રસાદ મહાપાત્ર, આઈએએસ
અધ્યક્ષ

એ. કે. વર્મા, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર

આર.બી.કોઠારી, એઆઈસીડબ્લ્યુએ
જનરલ મેનેજર (ફા.)

એન. એમ. જોષી, એફસીએસ
કંપની સચિવ

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૦મી ડીસેમ્બર, ૨૦૦૮

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૦મી ડીસેમ્બર, ૨૦૦૮

## તા. ૩૧મી માર્ચ, ૨૦૦૮ના રોજ પૂરા થતા વર્ષ માટે નફા અને નુકશાન ખાતુ

(રૂા. લાખમાં)

| વિગતો | અનુસૂચિ | તા. ૩૧/૦૩/૦૮ના રોજ પૂરા થતા વર્ષ માટે | તા. ૩૧/૦૩/૦૭ના રોજ પૂરા થતા વર્ષ માટે |
|---|---|---|---|
| આવક | | | |
| વીજળીના વેચાણમાંથી આવક | ૧૪ | ૨,૫૫,૬૬૩.૧૮ | ૨૨૪,૧૧૫.૩૯ |
| સબસીડી અને ગ્રાન્ટ | ૧૫ | ૫૭,૭૮૩.૮૧ | ૫૭,૩૨૮.૪૪ |
| અન્ય આવકો | ૧૬ | ૨૨,૭૩૨.૨૭ | ૧૬,૦૪૬.૦૧ |
| | કુલ | ૩,૩૬,૧૭૯.૨૬ | ૨,૯૭,૪૮૯.૮૪ |
| ખર્ચ | | | |
| વીજળીની ખરીદી | | ૨,૯૩,૦૮૫.૮૭ | ૨,૫૦,૧૯૦.૨૪ |
| દુરસ્તી અને નિભાવ | ૧૭ | ૭,૫૮૬.૧૫ | ૪,૪૪૬.૬૨ |
| કર્મચારીઓનું વેતન અને લાભ | ૧૮ | ૧૮,૭૨૦.૩૨ | ૨૪,૧૦૦.૩૦ |
| વહીવટી અને સામાન્ય ખર્ચ | ૧૯ | ૨,૯૩૦.૨૭ | ૨,૭૩૫.૪૮ |
| ઘસારો | ૨૦ | ૮,૯૨૬.૯૦ | ૭,૭૭૬.૭૨ |
| વ્યાજ અને નાણા ચાર્જ | ૨૧ | ૮,૯૭૨.૦૫ | ૧૦,૫૫૫.૬૨ |
| શંકાસ્પદ દેવા અને અન્ય દેવા | ૨૨ | ૧૮૪.૦૬ | ૫૩૧.૧૪ |
| બાદ : | કુલ | ૩,૪૦,૪૦૫.૬૨ | ૩,૦૦,૩૩૬.૧૨ |
| મૂડીકરણ કરેલ અન્ય ખર્ચ | ૨૩ | ૫,૦૭૯.૧૫ | ૪,૩૪૩.૩૮ |
| ચોખ્ખી અગાઉના વર્ષનો કુલ ચાર્જિસ | ૨૫ | (૬૬૭.૩૯) | ૫૧૧.૩૫ |
| | કુલ | ૩૩૫,૯૯૩.૮૬ | ૨૯૫,૪૮૧.૩૯ |
| વેરા પહેલાનો નફો / ખોટ | | ૧૮૫.૪૦ | ૨,૦૦૮.૪૫ |
| વેરા માટેની જોગવાઈ | ૨૪ | | |
| આવક વેરો | | ૧૪.૭૫ | ૨૧૭.૬૭ |
| ફ્રિન્જ બેનીફીટ ટેક્સ | | ૮૩.૫૩ | ૭૩.૦૮ |
| મિલ્કત વેરો | | ૧.૧૮ | ૦.૫૨ |
| | કુલ | ૯૯.૪૬ | ૨૯૧.૨૭ |
| વેરા પછીનો નફો / ખોટ | | ૮૫.૯૪ | ૧,૭૧૭.૧૮ |
| નફો / નુકસાન - ચાલુ વર્ષ | | ૮૫.૯૪ | ૧,૭૧૭.૧૮ |
| અગાઉનાં વર્ષનો આગળ ખેંચેલો નફો | | ૧,૮૭૩.૧૩ | ૧૫૫.૯૫ |
| બાકી સરવૈયામાં લઈ ગયા. | | ૧,૯૫૯.૦૭ | ૧,૮૭૩.૧૩ |
| શેરદીઠ આવક (રૂ.માં) | | ૦.૦૨ | ૦.૩૯ |
| નોંધપાત્ર હિસાબી નીતીઓ | ૨૬ | – | – |
| હિસાબો ઉપરની નોંધ | ૨૭ | – | – |

અમારા આ જ તારીખના સાથે જોડેલા અહેવાલ મુજબ. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી

પી. સીંઘવી એન્ડ એસોસીએટ્સ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્
પ્રવિણ સીંઘવી
સ., ક. ૦૭૧૬૦૮

ગુરૂપ્રસાદ મહાપાત્ર, આઈએએસ
અધ્યક્ષ

એ. કે. વર્મા, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર

આર.બી.કોઠારી, એઆઈસીડબ્લ્યુએ
જનરલ મેનેજર (ફા.)

એન. એમ. જોષી, એફસીએસ
કંપની સચિવ

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૦મી ડીસેમ્બર, ૨૦૦૮

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૦મી ડીસેમ્બર, ૨૦૦૮

## ૩૧/૩/૨૦૦૮ના રોજ પૂરા થતા વર્ષના નાણાં પ્રવાહનું પત્રક

(રૂા. લાખમાં)

| | ૩૧/૦૩/૨૦૦૮નાં રોજ | ૩૧/૦૩/૨૦૦૭નાં રોજ |
|---|---|---|
| <u>કાર્ય સંચાલનમાંથી રોકડનો પ્રવાહ</u> | | |
| કર અગાઉનો ચોખ્ખો નફો | ૧૮૫.૪૦ | ૨,૦૦૮.૪૫ |
| <u>ગોઠવણી</u> (ઉમેરો/બાદબાકી) | | |
| ઘસારો | ૮,૯૨૬.૯૦ | ૭,૭૬૬.૧૨ |
| વ્યાજ અને નાણાં ચાર્જ | ૮,૯૭૨.૦૫ | ૧૦,૫૫૫.૬૦ |
| શંકાસ્પદ દેવા અને અન્ય ઉધાર બાકી | (૮,૮૮૭.૮૨) | ૦.૦૦ |
| મૂડીગત અનુક્રમ | (૨,૬૬૯.૨૩) | (૨,૧૫૧.૧૭) |
| અગાઉનાં વર્ષની ગોઠવણ | (૪૦૧.૩૫) | (૧૫૮.૪૪) |
| અન્ય પરચુર્ણ ખર્ચ (ડિ.) | ૧૮૩.૪૯ | ૯૬૫.૭૭ |
| અસ્કયામતોના વેચાણથી ખોટ | ૦.૫૬ | ૦.૦૦ |
| અસ્કયામતોના વેચાણથી નફો | (૯૮.૨૩) | (૫૦.૮૦) |
| કાર્યકારી મૂડીમાં ફેરફાર અગાઉનો કાર્ય સંચાલનનો નફો | ૬,૨૧૧.૭૭ | ૧૮,૯૪૫.૫૩ |
| <u>કાર્યકારી મૂડીમાં ફેરફાર સાથે ગોઠવણ</u> | | |
| ચાલુ અસક્યામતોમાં વધારો / ઘટાડો | ૫,૩૬૫.૦૭ | (૩૧,૬૧૦.૧૧) |
| ચાલુ જવાબદારીઓમાં વધારો / ઘટાડો | ૧૨,૯૬૫.૨૪ | ૧૪,૪૨૩.૩૪ |
| **કાર્ય સંચાલનમાંથી મેળવેલ આવક** | ૨૪,૫૪૨.૦૮ | ૧,૭૫૮.૭૬ |
| ચૂકવેલ ટેક્ષ | (૩૩૧.૦૮) | (૧૧૬.૩૩) |
| **કાર્ય સંચાલનથી આવક** | ૨૪,૨૧૧.૦૦ | ૧,૬૪૨.૪૩ |
| અસામાન્ય બાબતો | ૦.૦૦ | ૦.૦૦ |
| **કાર્ય સંચાલમાંથી ચોખ્ખી આવક** | ૨૪૨૧૧ | ૧,૬૪૨.૪૩ |
| **રોકાણ પ્રવૃત્તિમાંથી રોકડ પ્રવાહ** | | |
| ચોખ્ખી સ્થાયી અસ્કયામતોની ખરીદી | (૨૪,૭૭૧.૬૯) | (૨૧,૨૯૧.૩૭) |
| અસ્કયામતો ઉપયોગમાં ન હોય (વધારો / ઘટાડો) | (૮૯.૧૨) | ૦.૦૦ |
| ચાલુ મૂડી કામો પ્રગતિમાં (વધારો / ઘટાડો) | (૩૬૬.૯૪) | ૦.૦૦ |
| સ્થાયી અસ્કયામતોની વેચાણ—ગોઠવણ | ૩૯૨.૧૮ | ૦.૦૦ |
| **રોકાણ પ્રવાહોમાં વપરાયેલ ચોખ્ખી રોકડ** | (૨૪,૮૩૫.૫૭) | (૨૧,૨૯૧.૩૭) |
| **નાણાકીય પ્રવૃત્તિઓમાંથી રોકડ પ્રવાહ** | | |
| મૂડી—અનુદાન | ૭,૯૬૨.૨૫ | ૧૯,૪૮૭.૫૯ |
| પિરાણ દ્વારા ઉપલબ્ધ રોકડ | | |
| લાંબાગાળાની લોન | ૮,૮૪૯.૭૫ | ૬,૨૩૪.૫૮ |
| ટૂંકા ગાળાની લોન | ૨૨,૮૮૦.૪૪ | ૧૭,૯૯૮.૩૯ |
| કેશ ક્રેડીટ | ૨,૧૮૯.૮૦ | ૦.૦૦ |
| બહાર જતો નાણાં પ્રવાહ | | |
| પિરાણની પુન: ચુકવણી | | |
| લાંબાગાળાની | (૧૮,૬૫૩.૭૦) | (૧૨,૪૨૫.૭૦) |
| ટૂંકા ગાળાની | (૧૦,૫૪૨.૨૨) | (૮,૨૭૪.૦૫) |
| વ્યાજ અને ફાયનાન્સ ચાર્જ | (૧૧,૩૬૧.૦૯) | (૯,૧૨૭.૪૦) |
| **નાણાકીય પ્રવૃત્તિમાંથી ચોખ્ખો રોકડ પ્રવાહ** | ૧,૩૨૫.૪૩ | ૧૩,૮૯૩.૪૧ |
| રોકડ અને તેની સમકક્ષ રોકડમાં વધારો / ઘટાડો | ૭૦૦.૮૬ | (૫,૭૫૫.૫૩) |
| ૦૧-૦૪-૨૦૦૬ના રોજ રોકડ અને રોકડની સમકક્ષ | ૨,૫૪૭.૨૨ | ૮,૩૦૨.૭૫ |
| ૩૧-૦૩-૨૦૦૭ના રોજ રોકડ અને રોકડની સમકક્ષ | ૩,૨૪૮.૦૮ | ૨,૫૪૭.૨૨ |

નોંધ : (૧) હિસાબી ધોરણ — ૩માં દર્શાવેલી પદ્ધતિ અનુસાર આડકતરી રીતે નાણા પ્રવાહ પત્રક બનાવેલ છે.
(૨) ૧-૦૪-૨૦૦૭ અને ૩૧-૩-૨૦૦૮ નાં રોજની રોકડ અને તેની સમકક્ષની રોકડના ઘટકો સરવૈયાના અનુસૂચિ—૧૦ મુજબ.

અમારા આ જ તારીખના સાથે જોડેલા અહેવાલ મુજબ. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી

પી. સીંઘવી એન્ડ એસોસીએટ્સ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
પ્રવિણ સીંઘવી
સ., ક. ૦૭૧૬૦૮

ગુરૂપ્રસાદ મહાપાત્ર, આઈએએસ
અધ્યક્ષ

એ. કે. વર્મા, આઈએફએસ
મેનેજીંગ ડિરેક્ટર

આર.બી.કોઠારી, એઆઈસીડબ્લ્યુએ
જનરલ મેનેજર (ફા.)

એન. એમ. જોષી, એફસીએસ
કંપની સચિવ

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૦મી ડીસેમ્બર, ૨૦૦૮

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૦મી ડીસેમ્બર, ૨૦૦૮

## તા. ૩૧મી માર્ચ, ૨૦૦૮ ની સ્થિતિ મુજબના સરવૈયાની અનુસૂચિઓ

### અનુસૂચિ – ૧ : શેરમૂડી

(રૂા. લાખમાં)

| વિગતો | તા. ૩૧/૦૩/૦૮ ની સ્થિતિઓ | તા. ૩૧/૦૩/૦૭ની સ્થિતિઓ |
|---|---|---|
| અધિકૃત શેર મૂડી<br>દરેક રૂા. ૧૦/– લેખે ૬૦,૦૦,૦૦,૦૦૦ ઇક્વિટી શેરો | ૬૦,૦૦૦.૦૦ | ૬૦,૦૦૦.૦૦ |
| બહાર પાડેલી અને ભરપાઈ થયેલી મૂડી દરેક રૂા. ૧૦ લેખે<br>૫૦૦૭૦ ઇક્વિટી શેર સંપૂર્ણ ભરપાઈ થયેલ | ૫.૦૧ | ૫.૦૧ |
| કુલ | ૫.૦૧ | ૫.૦૧ |

### અનુસૂચિ – ૧ (એ) : શેરમૂડી ઉપલક ખાતું

(રૂા. લાખમાં)

| વિગતો | તા. ૩૧/૦૩/૦૮ ની સ્થિતિઓ | તા. ૩૧/૦૩/૦૭ની સ્થિતિઓ |
|---|---|---|
| શેરમૂડી ઉપલક ખાતુ<br>(જુઓ – હિસાબો પરની નોંધોની નોંધ – ૧) | ૪૪,૩૫૮.૫૯ | ૪૪,૩૫૮.૫૯ |
| કુલ | ૪૪,૩૫૮.૫૯ | ૪૪,૩૫૮.૫૯ |

### અનુસૂચિ – ૨ અનામત અને ફાજલ

(રૂા. લાખમાં)

| વિગતો | તા. ૩૧/૦૩/૦૮ ની સ્થિતિઓ | તા. ૩૧/૦૩/૦૭ની સ્થિતિઓ |
|---|---|---|
| મૂડી અસ્કયામતો માટેની ગ્રાન્ટ | ૨,૯૪૬.૧૯ | ૧૨૪.૨૯ |
| મૂડી અસ્કયામતો – ગ્રાહક ફાળો | ૧૨,૮૯૨.૫૧ | ૧૬,૨૭૬.૪૦ |
| મૂડી અનુદાન (એફઆરપી) | ૪,૪૦૨.૫૩ | ૨,૨૫૫.૯૧ |
| મૂડી અસ્કયામતોના ખર્ચમાં સબસીડી | ૪,૭૬૩.૯૩ | ૩,૩૫૭.૭૭ |
| નફા અને નુકશાન ખાતા મુજબ ફાજલ | ૧,૯૫૯.૦૭ | ૧,૮૭૩.૧૩ |
